Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૩૮/૩૯

વીર સંવત : ૨૪૫૯/૬૦

વિક્રમ સંવત : ૧૯૮૯/૯૦

પુસ્તક : ૩૧

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | માંગલ્યારાધન ... ... ... ... | વેલચંદ ધનજી ... | ૧ |
| ૨ | નૂતન વર્ષનું મંગલમય વિધાન ... ... | ( સભા ) ... ... | ૩ |
| ૩ | કર્મસ્વરૂપ અને ફળ ... ... ... | ગાંધી. ... ... | ૧૧ |
| ૪ | આરોગ્યતા ... ... ... ... | નરોતમ બી. શાહ. ... | ૧૩ |
| ૫ | જીવન સિદ્ધિ ... ... ... ... | વી. એમ. શાહ બી. એ. | ૧૫ |
| ૬ | ધ્યેયચુકયો માનવી ! ... | ...નાગરદાસ મગનલાલ દોશી બી. એ.... | ૨૦ |
| ૭ | ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ ... ... ... | સ૦ ક૦ વિ૦ | ૨૨ |
| ૮ | દશવિધ ધર્મ. ... ... ... ... ... | ,, | ૨૩ |
| ૯ | શ્રી કલ્પસૂત્ર વાંચન માટે શું કરવું ? ... ... ... ... | | ૨૫ |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... | | ૨૫ |



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

### સામાયિક ચૈત્યવંદન સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ અઢી આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઈ શકે તે હેતુને લઈને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી ફકત નીચેનાજ સીલીકમાં છે.

આ સભા તરફથી અત્યારસુધી કુલ ૧૬૦ ગ્રંથો વિવિધ સાહિત્યના પ્રસિદ્ધ થયાં છે, તેમાંથી સીલીક રહેલા મળતાં પુસ્તકો નીચે પ્રમાણે એ પાનામાં છે.

### * ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો )

| | | |
|---|---|---|
| ૨૩ | સૂક્ત રત્નાવલી ... | ... ૦-૪-૦ |
| ૨૪ | મેઘદૂત સમસ્યા લેખ | ... ૦-૪-૦ |
| ૨૫ | ચેતોદૂત ... ... | ... ૦-૪-૦ |
| ૫૧ | સુકૃત સંકીર્તનમ્ ... | ... ૦-૮-૦ |
| ૫૬ | કરૂણા વજ્રાયુધં નાટક | ... ૦-૪-૦ |
| ૫૯ | કૌમુદી મિત્રાનંદમ્ ... | ... ૦-૬-૦ |
| ૬૦ | પ્રબુદ્ધ રૌહીણેયમ્ ... | ... ૦-૫-૦ |
| ૬૧ | ધર્માભ્યુદયમ્ ... | ... ૦-૪-૦ |
| ૬૪ | સિદ્ધપ્રાભૃતં સટીકમ્ | ... ૦-૫-૦ |
| ૬૬ | બંધહેતુદય ત્રિભંગી પ્રકરણમ્ ... | ૦-૧૦-૦ |
| ૬૭ | ધર્મ પરીક્ષા ... | ... ૧-૦-૦ |
| ૬૯ | ચેઇયવંદણ મહાભાસં | ... ૧-૧૨-૦ |
| ૭૦ | પ્રશ્નપદ્ધતિ | ... ૦-૨-૦ |
| ૭૨ | યોગદર્શન તથા યોગવિંશિકા ... | ૧-૮-૦ |
| ૭૩ | મંડલ પ્રકરણ ... | ... ૦-૪-૦ |
| ૭૪ | દેવેન્દ્ર નરેન્દ્ર પ્રકરણમ્ | ... ૦-૧૨-૦ |
| ૭૫ | ચન્દ્રવીરશુભા-ધનધર્મ સિદ્ધદત્ત કપિલ-સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક કથા ચતુષ્ટયમ્ ... | ... ૦-૧૧-૦ |
| ૭૬ | જૈન મેઘદૂતમ્ ... | ... ૨-૦-૦ |
| ૭૭ | શ્રાવક ધર્મ વિધિપ્રકરણમ્ | ... ૦-૮-૦ |
| ૭૮ | ગુરૂતત્વ વિનિશ્ચય | ... ૩-૦-૦ |
| ૭૯ | ઐંદ્ર સ્તુતિ ચતુર્વિંશતિકા | ... ૦-૪-૦ |
| ૮૦ | વસુદેવહિંડી પ્રથમ ખંડ | ... ૩-૮-૦ |
| ૮૧ | વસુદેવહિંડી પ્રથમ ખંડ દ્વિતીય અંશ ... | ... ૩-૮-૦ |
| | વસુદેવહિંડિ દ્વિતીય ખંડ | છપાય છે. |
| | શ્રીબૃહત્કલ્પ સૂત્રમ્ પ્રથમ ખંડ. | ,, |
| | શ્રી બૃહત્કલ્પ સૂત્રમ્ દ્વિતીય ખંડ, | ,, |
| | કર્મગ્રન્થ. | ,, |

(પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.)

| | | |
|---|---|---|
| ૫ | દ્રૌપદીસ્વયંવરમ્ ... | ... ૦-૪-૦ |
| ૬ | પ્રાચીન જૈનલેખ સંગ્રહ ભાગબીજો | ૩-૮-૦ |
| ૭ | જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય ... | ... ૨-૧૨-૦ |

### ( અન્ય ગ્રંથો )

| | |
|---|---|
| અનુત્તરોવવાઇ સૂત્ર. | ... ૦-૬-૦ |
| નયોપદેશ ... | ... ૧-૦-૦ |
| ગાંગેયભંગ પ્રકરણમ્ | ... ૦-૪-૦ |

### ( ગુજરાતી. )

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ ... | ... ૧૦-૦-૦ |
| આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ... ૧-૮-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ... ૦-૮-૦ |
| પંચ પ્રાતક્રમણ વિધિયુક્ત | ... ૦-૧૦-૦ |
| દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ | ... ૦-૩-૦ |
| (પાઠશાળા માટે સો નકલના ). | ૧૨-૮-૦ |
| દેવવંદન માળા .. | ... ૧-૦-૦ |
| પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૪ | ... ૨-૦-૦ |
| જૈન ગીતા ... | ... ૧-૦-૦ |
| નવપદ ઓળી વિધિ | ... ૦-૧૨-૦ |
| શ્રીપાળ રાજાનો રાસ | ... ૩-૦-૦ |
| સતર ભેદી પૂજા હારમોનીયમ.. નોટેસન સારીગમ સાથે | ... ૦-૪-૦ |
| પ્રમેયરત્નકોષ ... | ... ૦-૮-૦ |
| સજ્જન સન્મિત્ર | ... ૪-૦-૦ |
| નવતત્વ અને ઉપદેશ બાવની ( પ્રો. હીરાલાલ રસિકલાલ ) | ૪-૦-૦ |
| જૈનભાનુ ... | ... ૦-૮-૦ |
| વિમળ વિનોદ ... | ... ૦-૧૦-૦ |
| વિશેષ નિર્ણય ... | ... ૦-૪-૦ |
| ચૌદ રાજલોક પૂજા | ... ૦-૧-૦ |
| સો નકલના ... | ... ૫-૦-૦ |
| સમ્યકૃત્વ દર્શન પૂજા સો નકલના | ૫-૦-૦ |
| અવિદ્યા અંધકારમાર્તંડ | ... ૦-૪-૦ |
| શ્રી નવપદ પૂજા ગંભીર વિ. કૃત | ૦-૨-૦ |

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

* નંબરવાળા ગ્રંથો સભાએ પ્રકટ કરેલ છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *ગુજરાતી–ભાષાંતરના ગ્રંથો.

મળી શકતાં ગ્રંથોનું લીસ્ટ. )

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈનતત્ત્વાદર્શ ... ... | ૫-૦-૦ |
| ૨ | શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ ... | ૦-૧૦-૦ |
| ૪ | શ્રી જીવવિચાર વૃત્તિ ... | ૦-૬-૦ |
| ૮ | શ્રી દંડક વૃતિ ... ... | ૦-૮-૦ |
| ૯ | શ્રી નયમાર્ગદર્શક ... | ૦-૧૦-૦ |
| ૧૦ | હંસ વિનોદ ... ... | ૦-૧૨-૦ |
| ૧૨ | કુમાર વિહારશતક ... | ૧-૮-૦ |
| ૧૩ | શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૧૪ | શ્રી જૈન તત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ... ... ... | ૦-૬-૦ |
| ૧૬ | શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી ... ... | ૦-૬-૦ |
| ૧૭ | શ્રી મોક્ષપદ સોપાન ... | ૦-૧૨-૦ |
| ૧૮ | ધર્મબિન્દુ આવૃતિ બીજી ... | ૨-૦-૦ |
| ૧૯ | શ્રી પ્રશ્નોતર પુષ્પમાળા ... | ૦-૧૪-૦ |
| ૨૧ | શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... | ૦-૬-૦ |
| ૨૨ | શ્રી આત્મપ્રબોધ ... | ૨-૮-૦ |
| ૨૬ | જૈન ગ્રંથ ગાઇડ ... ... | ૧-૦-૦ |
| ૨૭ | શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) ... ... | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી તપોરત્ન મહોદધિ ભા ૧-૨ | ૧--૦-૦ |
| ૨૯ | શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ ... | ૦-૪-૦ |
| ૩૧ | શ્રી ચંપકમાળા ચરિત્ર ... | ૦-૮-૦ |
| ૩૩ | સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... | ૧-૦-૦ |
| ૩૪ | શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) ... ... | ૦-૮-૦ |
| ૩૬ | શ્રી અધ્યાત્મમત પરીક્ષા ... | ૦--૪--૦ |
| ૩૭ | શ્રી ગુરૂ ગુણમાળા ... | ૦-૬-૦ |
| ૩૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી... | ૦--૫-૦ |
| ૪૦ | શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... | ૦-૮--૦ |
| ૪૨ | શ્રી ઉપદેશ સપ્તતિકા ... | ૧--૦--૦ |
| ૪૪ | શ્રી પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા | ૧-૮-૦ |
| ૪૫ | સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા ... ... ... | ૧-૦-૦ |
| ૪૬ | શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... | ૨--૦--૦ |
| ૪૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૧લો | ૨--૦--૦ |
| ૪૮ | આદર્શ જૈન સ્ત્રી રત્નો ... | ૧--૦--૦ |
| ૪૯ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાર જો. | ૨--૮--૦ |
| ૫૦ | શ્રીદાનપ્રદીપ ... ... | ૩-૦-૦ |
| ૫૧ | શ્રીનવપદજી પૂજા (અર્થ સહીત) | ૧-૪-૦ |
| ૫૨ | કાવ્ય સુધાકર ... ... | ૨-૮-૦ |
| ૫૩ | શ્રી આચારોપદેશ ... ... | ૦-૮-૦ |
| ૫૪ | ધર્મરત્ન પ્રકરણ ... ... | ૧--[illegible] |
| ૫૫ | શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર (અર્થ સહિત ) શાસ્ત્રી ... ... | ૧-૧૨-[illegible] |
| ૫૬ | શ્રી આત્મવિશુદ્ધિ ... ... | ૦-૬-૦ |
| ૫૭ | કુમારપાળ પ્રતિબોધ ... | ૩-૧૨-૦ |
| ૫૮ | જૈન નરરત્ન " ભામાશાહ "... | ૨-૦-૦ |
| ૫૯ | આત્માનન્દ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ ... ... | ૦-૧૪-૦ |
| ૬૦ | શ્રી વિમલનાથ ચરિત્ર ... | ૧-૧૧-૦ |
| ૬૧ | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... | ૧-૧૨-૦ |
| ૬૨ | શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર ... | ૧-૦-૦ |
| ૬૩ | ધર્મ પરીક્ષા ... ... | ૧-૦--૦ |
| ૬૪ | શ્રી પ્રભાવક ચરિત્ર ... | ૨-૮-૦ |
| | શ્રી મહાવીરસ્વામી ચરિત્ર | છપાય છે. |
| | સતી સુરસુંદરી ચરિત્ર | |
| | શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત ( ગુજરાતી ) | " |
| | શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત ( ગુજરાતી ) | |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

* બીજા નવા ગ્રંથો પ્રેસમાં છે અને અમુક ગ્રંથોની યોજના શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બર.

**—આ સભાનાં લાઇફમેમ્બર સાહેબોને થતો અપૂર્વ ગ્રંથોનો લાભ—**

કોઇપણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે. એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકે છે. તેઓશ્રીને સીલીકમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇપણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ શકે છે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઇ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

---

# શ્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

## અમારૂં સીરીઝ ગ્રંથમાળા ખાતું.

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઇ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યના ગ્રંથો પણ સભા પ્રગટ કરી રહેલ છે. આ સભાના લાઈફ મેમ્બરોને પણ અનેક સુંદર મ્હોટા ગ્રંથોનો ( કંઇપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે. તે રીતે કોઇપણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાલા પ્રકટ કરાવી જ્ઞાનભક્તિ કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( સ્ત્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર સ્ત્રી ઉપયોગી (સતી ચરિત્રો, સ્ત્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રકટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનભક્તિ અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે. આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભક્તિ સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે—અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઇ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઇને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમારૂં નામ અમર કરવું હોય તો

## આટલું વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિવડે પોતાના માટે આત્મકલ્યાણનો માર્ગ શોધી કાઢે છે; જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો તે આત્મિક ઉન્નતિ માટે નીચેની યોજના વાંચી-વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

૧ જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂ. ૧૦૦૦) સુધીનો આ સભાએ વ્યય કરવો.

૩ જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને અમુક સંખ્યામાં ગ્રંથો સીરીઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા છપાય તેમને ભેટ આપવામાં આવશે.

૫ તે સીરીઝના પ્રથમ ઓછામાં ઓછા અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો. એ જ ક્રમ ચાલુ રાખી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૬ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોની ઉદારતાથી તેમના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે અને થશે.

| | |
|---|---|
| ૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ. | ૨ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ. |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ. | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ. |
| ૫ વકીલ હરીચંદ નથુભાઇ. | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા. |
| ૭ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ-રાણપુર. | ૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ. |
| ૯ શાહ મગનલાલ ઓધવજી. | ૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ. |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ. | ૧૨ શેઠ ફૂલચંદ ત્રીકમજી. |
| | ૧૩ શ્રીમતી કસ્તુરબ્હેન. |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઇચ્છીએ છીએ.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीर परिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३१ } वीर सं. २४५९. श्रावण. आत्म सं. ३९. { अंक १ लो.

## માંગલ્યારાધન.

( દેશી—જાગ મુઝ વ્હાલા બાળ પંખી વન બોલે. )

( ૧ )

" અર્હન્-સિદ્ધ-સૂરિ વાચક, સાધુ સકલ સાથે;
દંસણ-નાણ-ચરણ-તપ એ, નવવિધ સંગાથે. " અર્હન્

( ૨ )

નવપદ વા સિદ્ધચક્ર, શાસ્ત્રસિદ્ધ જાણો;
આરાધનાથી ઇષ્ટ સિદ્ધિ—નવ નિધિ પ્રમાણો. અર્હન્

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩)

મંગલ સર્વમાંહી પ્રથમ, શ્રેષ્ઠ મંગલ એ છે;
કલ્યાણ કેલી કારણ તારક,—ભવોદધિનું જે છે. અર્હન્

(૪)

સકલ ધર્મમાં પ્રધાન, "ધર્મ જૈન જાણો"
વીતરાગ વાણી સત્યરૂપે, હૃદયથી પિછાણો. અર્હન્

(૫)

શ્રી શ્રીપાલરાય સાથ, મયણાસુંદરી સાધે;
મંત્ર-જંત્ર-તંત્ર-યંત્ર, વિધિ સહિત આરાધે. અર્હન્

(૬)

દુષ્ટ રોગ દૂર ગયો, કુષ્ટિ સર્વ સાથે;
રાજ્ય રિદ્ધિ પ્રાપ્ત કીધી, પુણ્યકેરા પાથે. અર્હન્

(૭)

"વર્તમાનમાં સમાજ, શાન્તિ ચાહે સાચી"
હૃદય શુદ્ધિ વિણ વાત, સર્વથા છે કાચી. અર્હન્

(૮)

છોડી માન ગુમાન સર્વ, ઐક્યતા જમાવો;
અગ્રસ્થાન ત્યાગનું, છે જૈનનું જણાવો. અર્હન્

(૯)

યોગ્યાયોગ્યનો વિચાર, યોગ્યતાથી જાણો;
આત્મહિત તત્ત્વવિદ્, તત્ત્વતઃ પિછાણો. અર્હન

(૧૦)

"નૂતન વર્ષે મંગલમય, આરાધનાને કાજે;"
આનંદ આત્માનંદનો, સત્કર્મમાં વિરાજે. અર્હન

(વેલચંદ ધનજી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષનું મંગળમય વિધાન.

દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગને પ્રધાન કરી સમસ્ત બાહ્ય પ્રકાશોની આરપાર થઇને માનસિક શક્તિઓદ્વારા આંતર પ્રકાશને પ્રકટાવતું, સંયમ, વિરતિ, ચારિત્ર અને યોગ એ વસ્તુતઃ શું છે? તેમજ તેની અસર આત્મા ઉપર વિવિધ પણે કેટલી મર્યાદાઓ ઉલ્લંઘીને પ્રકટાવી શકે છે? વિગેરે વિગેરે ધાર્મિક વિષયોને ચર્ચતું અને જૈનસૃષ્ટિમાં ભવ્યાત્માઓને યોગાવંચકપણે જાગૃતિ અર્પતું **આત્માનંદ-પ્રકાશ** આજના મંગલમય દિવસે ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે; પ્રવેશ કરતાંની સાથેજ વાર્ષિક સરવૈયાના નિયમાનુસાર આધ્યાત્મિક જગતમાં રહેલા સમગ્ર પ્રાણિ વર્ગની સાથે સમન્વય સાધી સ્વગત પ્રશ્ન પૂછે છે કે ત્રીશ વર્ષ સુધી જનસમાજની સેવા કરતાં મેં જુદી જુદી ભૂમિકાઓના આત્મામાં સંસ્કાર બીજો આપ્યાં છે કે કેમ? જેમ સંયમપૂર્વકની યુવાન વય મનુષ્ય જીવનનું અમૂલ્ય વિકસિત પુષ્પ છે તેમ આત્માની યુવાવસ્થા એ અંતરાત્મ અવસ્થા છે; આ અંતરાત્મ અવસ્થામાં રહી સ્વનામની સાર્થકતા થઇ શકી છે કે કેમ? તે વખતે આંતર ધ્વનિ થાય છે કે અતિ ઉદ્દામ નહિં તેમજ અતિ વિનીત નહિં એવા મધ્યમ માર્ગમાં—મંડનાત્મક પદ્ધતિએ (constructive point of view) ત્રીશ વર્ષના પ્રયત્નની સુંદર અસર થઇ ચુકી છે; કેમકે જૈન-દર્શનના કથન પ્રમાણે ક્રિયા વંધ્ય હોતી જ નથી તો સદાશયથી પ્રેરાએલી સત્ક્રિયાનું પ્રેરક બળ (motive power) સારામાં સારાં ફળો કેમ પ્રકટાવી ન શકે?

કુદરતનો નિયમ સ્થૂળ જગતમાં તેમ જ માનસિક જગતમાં કાર્ય કરી રહેલ છે; કોઇ પણ અવસ્થા એવી નથી કે જેમાં એ નિયમનું કાર્ય ક્ષણભર રોકી શકાય; જીવનની પ્રત્યેક અવસ્થા નિયમબદ્ધ છે; એ ન્યાયે પ્રસ્તુત પત્ર કાંઇક અંશે પોતાના અત્યાર સુધી ફેલાવેલા વિચારો માત્રથી 'વિરામ ચિન્હ' મુકવા માગતું નથી; પરંતુ તે વિચારોને આચારમાં (action) મુકવા દ્રઢપણે જણાવે છે; અને તે માટે વિચારો અને આચારોનું સંગઠન કેમ થાય તે ખાતર પ્રસ્તુતઃ વર્ષમાં પ્રબળતાથી વિચારોનું વાતાવરણ જમાવવા ઇચ્છે છે અને વાંચકોમાં तद्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः એ વાકયને અંતરમાં ઉતારવા (introspection) પ્રેરવા ઇચ્છે છે; ઘડીઆળ એ જેમ અનંત કાળનું મર્યાદાસૂચક ચિન્હ છે તેમ આ પત્ર અનંત આત્માનંદનું મર્યાદિત સ્વરૂપ છે જે દ્વારા ઉચ્ચ આત્માઓ ઉપાદાન કારણ રૂપ સ્વ આત્મામાંથી અનંત આનંદ પ્રકટાવી શકશે એ નિર્વિવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્તુત ૩૧ની સંજ્ઞા **સિદ્ધ** પરમાત્માઓના ઉજ્જવળ ગુણોનો સંખ્યાનું સૂચન કરે છે. અષ્ટ કર્મોના આવરણોને ભેદી જે સિદ્ધ પરમાત્મઓ જ્ઞેયની નવનવી વર્તનામાં ઉત્પાદ વ્યય ધ્રુવ રૂપે જગતના જડ ચૈતન્ય ભાવોને તેમજ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના રહસ્યોને કૈવલ્યથી નિહાળી-જાણી રહ્યા છે તેમના અનંત ગુણોનો વિકાસ ( Developed virtues ) આપણી મર્યાદિત દૃષ્ટિમાં પ્રવેશ કરાવવા માટે મધ્યમરીતે એકત્રીશ ગુણોનો વિકાસ જૈનદર્શનાનુસાર ગણાએલો છે; ગુણોની સંખ્યા ઉપલબ્ધ થતાં સિદ્ધપદની એકાગ્રતા ( Consecentration of mind) પૂર્વક આરાધના કરવામાં આવે તો અવશ્ય આત્માનો સ્વાભાવિક આનંદ આત્મામાંથી પ્રકટે છે; અભિસંધીજ વીર્યથી આ સિદ્ધપદનું ધ્યાન કરતાં કરતાં અપૂર્વ શકિતનું પ્રવર્તન બળ (Spiritual motive power) પ્રકટતાં વાંચકોને આંતરશત્રુઓનો વિજય કરાવવાના સંસ્કારો પ્રકટાવવામાં પ્રસ્તુત પત્ર પોતાનું નૂતન વર્ષ સાર્થક થશે એવા મંગલમય વિચારોથી નૂતન વર્ષમાં પ્રવેશતાં ગારવ સુકત અભિનંદન લે છે.

એક તત્ત્વજ્ઞાની કહે છે કે ' સંતોષ ' એ આધ્યાત્મિક જીવન છે અને ' અસંતોષ ' એ આધ્યાત્મિક મરણ (Spiritual death) છે. જન્મ સાથે મૃત્યુ સંકળના થઇ ચુકેલીજ હોય છે. પરંતુ આધ્યાત્મિક જીવન (Spiritual existence) માટે અજ્ઞાન અને અસંતોષનો વિષય ( absorption ) થવો જોઇએ; વિલય પ્રાપ્ત થતાં પ્રકાશમય દિવ્ય જગતમાં જન્મ, જરા, મરણ, વ્યાધિ અને અવ્યવસ્થા આદિ કશું જ રહેતું નથી; સ્થળ કાળ અને કાર્યકારણની મર્યાદાઓ તુટી પડેલી હોય છે; ત્રણે કાળ તેમને એકજ કાળ છે; કાળની વ્યાખ્યા શાસ્ત્રમાં એવા પ્રકારની છે કે ' જે નવાનું જૂનું કરે છે તે કાળ છે; ' વસ્તુસ્થિતિ આમ હોઇ આધ્યાત્મિક સૃષ્ટિમાં કાળની મહત્ત્વતા નથી; ત્યાં તો પુરુષાર્થની મહત્ત્વતા છે; જે વખતે આત્માની ભૂમિકા ( surface ) તૈયાર થઇ તેજ વખતે નિરવધિ આનંદ અનુભવવા માંડે છે; પ્રસ્તુત પત્ર પણ વાંચકોની તૈયાર થયેલી ભૂમિકામાં બીજારોપણ કરી જાગૃત આત્માઓમાં વિદ્યુત્‌શક્તિ ફેલાવી તેમનાં જીવનને દિવ્યતામાં મુકી શકવાના સામાર્થ્ય વાળું કેમ બને તે માટે ઉત્તર મેળવવા ઉત્સુક બની યત્કિંચિત્ નિવેદન રજુ કરે છે.

**ગત વર્ષના સંસ્મરણો—**

ગતવર્ષનાં આકર્ષણીય સંસ્મરણોમાં શ્રી **કદંબગિરિ** તીર્થ ઉપર અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ પૂ૦ શ્રી **વિજયનેમિસૂરિના** પ્રેરકબળ નીચે થયા હતા અને 'ઢંકાદિક પંચકૂટ સજીવન' એ વાકયને અનુસરીને ગત્ ચોવીશીના **સં-પ્રતિ** તીર્થંકરના મુક્તિ પામેલા ગણધર શ્રી **કદંબ** નામથી પ્રસિદ્ધિમાં આવેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થભૂમિના અધિષ્ઠાયક પુનઃ જાગૃત થયા છે; એમ જણાય છે, હજી પણ મુખ્ય **ચૈત્યની અંજનશલાકા અને પ્રતિષ્ઠા બાકી છે તે ભવિષ્યમાં નજીકના મંગલ સમયે પૂજ્યશ્રીના હસ્તક પૂર્ણ થશેજ એમ થતી તૈયારીઓથી** માલમ પડે છે.

ગત ચૈત્ર માસમાં શ્રી **બામણવાડજી** તીર્થમાં શ્રી નવપદજી આરાધને સમાજ તરફથી શ્રી **સિદ્ધચક્રજી** મહારાજની આરાધના-ઓળીનો ઉત્સવ ઉજવાયો હતો; સાથે શિક્ષણ પ્રચાર અને સમાજ સુધારણા અર્થે અખિલ ભારત **પોરવાડ સમ્મેલન** સુરત નિવાસી **શેઠ દલીચંદ વીરચંદ**ના પ્રમુખપણા નીચે ઉજવાયું હતું; આ બન્ને સમ્મેલનોમાં પાંચ હજાર માણસોએ ભાગ લીધો હતો; સાથે વિશેષતા એ હતી કે આચાર્ય શ્રીમદ્ **વિજય વલ્લભસૂરિશ્વરજી** યોગનિષ્ઠ શાંતમૂર્તિ **શાંતિવિજયજી અને પન્યાસજી લલિતવિજયજી**નું આવાગમન તે પ્રસંગે થયું હતું, અને ત્યાં જૈન વિદ્યાલયનો જન્મ આપવા એકલાખ અને સાઠ હજારનું ફંડ થયું હતું તથા પાંચ લાખનું ફંડ કરવાનો નિશ્ચય થયો હતો. કેળવણીના કાર્યોની સેવાની યત્કિંચિત કદર તરીકે ત્રણે મહાત્માઓને સન્માનપત્રો અને પદવી પ્રદાનો શ્રી સંઘ તરફથી સમર્પણ કરવામાં આવ્યા હતા એ આનંદપુર્વકનું ઉચિત કર્તવ્ય બની ગયું હતું.

**સ્થાનકવાસી જૈન સાધુ સમ્મેલન** એ ગતવર્ષના સંસ્મરણોની વિશિષ્ઠતામાં ઉમેરો કરે છે; લગભગ પંદરસો વર્ષ પછી આવું સમ્મેલન થયું હતું, એમ કહેવામાં અતિશયોક્તિ નહોતી; દરેક મહાન્ કાર્યના પરિણામમાં ગુણ દોષ બન્ને અસ્તિત્વમાં આવી શકે; પરંતુ દોષો કરતાં ગુણોનો સરવાળો વધે તો તે કાર્ય ફલિત થયું કહેવાય છે; અને તેથી જ તે અનુકરણીય બને છે; એકંદરે ત્રણે ફીરકાની વ્યવસ્થિતિમાં જેઓ સંપ અને આનંદ માનનારા અને રસ લેનારા હતા તેમને માટે અપુર્વ આનંદનો વિષય હતો. આ સમ્મેલન આપણા સમાજના ધર્મગુરૂઓ અને મુનિમહારાજાઓ ઉપર તેના આંદોલનની અસરતળે ભવિષ્યની આશા ઉત્સાહ અને સંપની પ્રેરણાઓને જગાડશે એમ અમો આશા રાખીએ છીએ; તેમજ તેમણે કરેલા ઠરાવો નજર સન્મુખ રાખી હવે પછી થનારા મુનિ સમ્મેલનમાં સુંદર ઘટના ઘડાશે એમ અમો ઇચ્છીએ છીએ; આપણા મુનિ સમ્મેલનની શુભ શરૂઆતરૂપે શ્રી **ભાવનગર**માં પૂજ્ય શ્રી **વિજયનેમિસૂરિજી** કે જેઓ જાગ્રત સંયમી અને તટસ્થ છે તેમના શુભ પ્રયાસે હીલચાલ ચાલુ થઇ છે તેમને અન્ય મુનિવર્ગ સંપૂર્ણ રીતે અનુમોદન અને સહાય આપશે જ એમ અમો ઇચ્છીએ છીએ.

ગતવર્ષમાં તાલધ્વજ ગિરિમાં પણ શ્રી **નવપદજી** આરધન પુ૦ **વિજયનેમિસૂરિજી**ના સંચાલકપણા નીચે નિર્વિઘ્ને પુર્ણ થયું હતું અને મહોત્સવપુર્વક સફળતા પામ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદરીથી શ્રી **વિજયવલ્લભસૂરિશ્વરજીનું** ગતવર્ષમાં **આત્મ નિવેદન** પ્રકટ થયું હતું જેમાં જૈન સમાજ વચ્ચેના પરસ્પર કલેશની સમાધાની માટે પૂજ્ય ચાર સ્થવિરો–પુ૦ પ્ર૦ શ્રી **કાંતિવિજયજી**, પુ૦ શ્રી **હંસવિજયજી**, પુ૦ શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** અને પુ૦ શ્રી **વિજયનીતિસૂરિશ્વરજીની** એકમતીથી જે નિર્ણય આવે તે સ્વીકારવાના એકરાર રૂપે હતું; એ વસ્તુ સ્થિતિના પ્રતિધ્વનિ-રૂપે પુ૦ **વિજયનેમિસૂરિ** અને શ્રી **ભાવનગરના** સંઘ મારફત **અમદાવાદ** અથવા નજીકના કોઇ **તીર્થસ્થળે સાધુ–સમ્મેલન** ભરવાના પ્રયાસો ચાલુ થયા છે; સોસાઇટીના આગેવાનો અને અમદાવાદના સદ્‍ગૃહસ્થોનું આગમન વારંવાર થાય છે તે સાથે અમો યુવક–સંઘ, પાટણના શ્રી સંઘ, અને કોન્ફરન્સના આગેવાનોને સામેલ કરવા સૂચના કરીએ છીએ; એ રીતે ચાતુર્માસ પછી આ મંગળકાર્ય સત્વર સફળ થાય અને જૈન સમાજના પત્રકારોની કટારો પ્રતિપક્ષના બળને ( તોડવાની ખંડનાત્મક શૈલિ Destructive work ) બંધ કરી રચનાત્મક કાર્ય (Constructive work) કરવા લાગી જાય અને જૈન સમાજનું કલેશમય જીવન નાબુદ થઈ સંપમય અખંડ જીવન બને તે નૂતન વર્ષમાં જોવાં અમો ઉત્સુક છીએ; અધિષ્ઠાયક દેવ **એ મંગળ દિવસ** સત્વર લાવશે અને પક્ષોના પરસ્પર હૃદયપલટા થઇ જઈ સંપના સૂર્યનો ઉદય થશે એ અમારી આશા નજીકના ભવિષ્યમાં અસ્થાને નથી.

પુ૦ શ્રી **વિજયનેમિસૂરિજીનું ભાવનગરમાં** આવાગમન અને ચાતુર્માસ એ ગતવર્ષની સંસ્મરણીય ઘટના છે; તેઓશ્રીના આગમનના ભણકારનો ડિંડિમ-નાદ સંભળાતાંની સાથે જ ભાવનગરમાં **જ્ઞાતિકલેશ** રંઘોળા મુકામે થયેલા જ્ઞાતિ સમ્મેલનમાં નાબુદ થઇ ગયો છે. સંપનું વાતાવરણ ફેલાઇ ગયું છે એ હર્ષજનક બીના છે; તેઓશ્રીના ચાતુર્માસમાં અત્રે અનેક શુભ કાર્યો અઠ્ઠાઇમહોત્સવો સ્વામિવાત્સલ્ય, અષ્ટોતરીસ્નાત્ર મહોત્સવ વગેરે થયા છે અને ભોજનશાળા, જૈનોદ્ધારક ફંડ આચાર્ય પદ્રિપ્રદાન વિગેરે વિગેરે થવા સંભવ છે, તેઓશ્રીની સ્વતંત્ર વ્યાખ્યા-નધારા ચાતુર્માસની શરૂઆતના અભિનવ મેઘની જેમ **ભાવનગર** શ્રી સંઘના પુણ્યોદયથી શરૂ થઇ ચુકેલી જેમાંથી અનેક માનસિક, વાચિક, કાયિક અને આધ્યાત્મિક સુંદર લાભો પ્રકટવા સંભવ છે.

ગત વર્ષમાં શ્રીમંત સરકાર **સયાજીરાવ** તરફથી **વડોદરાની** ધારા-સભામાં દીક્ષાનો નિયમન કાયદો **પસાર** થઇ ગયો છે અને તે કાયદાપોથીમાં જલ્દી દાખલ થવાની તૈયારી છે અને વળી **મુંબઇની ધારાસભામાં** પણ સદરહુ કાયદાનો વિષય રેકર્ડ ઉપર આવવાના ભણકારા સંભળાય છે. આ તમામ વસ્તુ-સ્થિતિ જૈન સંઘના પરસ્પર કલેશનું પરિણામ છે; જો પ્રથમ કુસંપમય જીવન ટાળી સાધુસમ્મેલન એકત્ર થઇ દીક્ષા નિયમનનું શાસ્ત્રીય દૃષ્ટિએ તેમજ દ્રવ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્ષેત્ર, કાળ, ભાવની અનુનાપૂર્વક બંધારણ શ્રી સંઘની અખંડ એકતા સાથે થયું હોત તો ત્રીજી વ્યક્તિ સરકાર દરબાર કે દેશી રાજ્યને દખલગીરી કરવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાત, પરંતુ હવે જાગ્યા ત્યાંથી સવાર ગણી શ્રી સંઘની એકતા સધાય અને સાધુ સંમેલન સફળ બને તો અવશ્ય અનેક રીતે લાભ થશે જ.**

જૈન સમાજના શ્રી **કેશરીઆજી** તીર્થમાં પંડયાએ ઉત્પાત મચાવેલો છે; તેમાં આપણી બેદરકારી, કુસંપ અને નબળાઇ જવાબદાર છે. શ્રી **ઋષભદેવ** ભગવાનને વૈષ્ણવના આઠમા અવતાર તરીકે જણાવી પોતાનું તીર્થ છે એમ પંડયાઓ ઠરાવવા માગે છે; આવા ખોટા ખ્યાલો, માન્યતાઓ અને પ્રપંચો ઉભા કરી માલીકી ધરાવવા માગે છે. આ પંડયાઓને સહાય આપવા માટે **ઉદેપુર** રાજ્યે પણ દખલગીરી કરી છે; આ પ્રપંચો સામે જૈન કોમે તીર્થ રક્ષા માટે કટીબંધ થવું જોઇએ; અમો આ બાબત યોગ્ય કાયદેસર પગલાં લેવાં શેઠ **આણંદજી કલ્યાણજી** પેઢીના પ્રતિનિધિઓને તેમજ **જૈન કોન્ફરન્સના** સંચાલકોને નમ્ર સૂચના કરીએ છીએ.

## લેખ દર્શન—

ગત વર્ષમાં ૨૯૧ પાનામાં ૪૦ ગદ્ય લેખો અને ૧૯ પદ્ય લેખો મળી કુલ ૫૯ લેખો આપવામાં આવ્યા છે; પદ્ય લેખોમાં પૂજ્યપાદ શ્રી **વિજયવલ્લભ-સૂરિનું** પોતાનું બનાવેલું **જેસલમીર** તીર્થનું સ્તવન તથા સ્વ૦ આચાર્ય શ્રી **અજીતસાગરસૂરિનું** સ્વદેશ ભાવનાનું પદ્ય તથા સદ્બોધ કાવ્ય ભક્તિરસ તથા લાલિત્ય માટે અગ્રપદ ધરાવે છે; પૂ૦ અને કાંતીના વર્ષાકાલ વર્ણન તથા હંસપ્રતિ અન્ય હંસની ઉકિત એ સંસ્કૃત કાવ્યો આલંકારિક શાસ્ત્રની નિપુણતાનો પરિચય આપે છે; રા. **વેલચંદ ધનજીના** મંગલ પ્રાર્થના, હૃદયરંગી વિગેરે ચાર કાવ્યો ભકિત, પાપનો પશ્ચાતાપ અને આત્મલક્ષપણાના દ્યોતક છે; **પ્રો૦ હીરાલાલ રસીકદાસ** કાપડીઆનું વર્ષાઋતુનું આગમન નામનું કાવ્ય કવિ તરીકેનો સુંદર પરિચય આપે છે; શ્રીયુત **વિનયચંદ** મહેતાના નૂતન વર્ષાભિનંદન, પુરાતન પ્રભા વિગેરે સાત કાવ્યો હંમેશાની ભાવવાહી શૈલી પ્રમાણે વૈરાગ્ય ભાવનાથી ઓતપ્રોત હોઇ આત્માને લાગણી પૂર્વક સ્પર્શ કરનારા છે; રા. **બાપુલાલ પાનાચંદનું** એ મૂર્ખનો સરદાર નામનું કાવ્ય રસિક ભાષામાં છે, ઉપરાંત ડો. **ભગવાનદાસ** મહેતા જેએ રત્નાકર પચ્ચીસીનો અનુવાદ, વીરજયંતિ તેમજ ઉપમિતિ ભવપ્રપંચાકથારૂપ ગ્રંથને કાવ્યમાં ઉતારવાનો છંદોબદ્ધ પ્રયાસ કરી રહ્યા છે તે કવિ જીવનની સુંદર આગાહી આપે છે એમ સપ્રસંગ નિવેદન કર્યા સિવાય રહી શકાતું નથી; કાવ્યસૃષ્ટિને રસમય કરતા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગુણોના ઉપદેશામૃતને વેરતા આ તમામ કાવ્ય-લેખો જૈન સૃષ્ટિમાં નૂતન પ્રવાહ દેખાડે છે.

હવે ગદ્યાત્મક લેખોના સ્પષ્ટીકરણમાં જૈન સમાજમાં કલેશ અને તેનું પરિણામ તથા તીર્થંકર ચરિત્રના જ્ઞાતાસૂત્રમાંથી અવતરણ તરીકેના નવ લેખો તથા ભાવમિથ્યાત્વ વિગેરે અન્ય લેખો મુનિશ્રી **દર્શનવિજયજી** તરફથી પ્રકટ થયાં છે જે વર્ત્તમાન પરિસ્થિતિને સુધારવાની ધગશ જણાવે છે તેમ જ ઐતિહાસિક સંશોધકોને નવો પ્રકાશ આપે છે; પૂ૦ સન્મિત્ર શ્રી **કપૂરવિજયજી**ના ઉન્નતિના પંથે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા, સાત અંતરંગ રાક્ષસીઓ વિગેરે દશ લેખો ખાસ ઉપયોગી છે; સરલ ભાષા શૈલિને અંગે વિદ્યાર્થીજીવનને તેમજ આધ્યાત્મિક જીવનને સુસંસ્કારો પાડવાના સાધનરૂપે પ્રસ્તુત લેખો છે; પૂ૦ શ્રી **વિજયવલ્લભસૂરિનું** આત્મનિવેદન જૈન સાધુ સમાજના તેમજ શ્રાવક સમાજના કલેશને અંગે હૃદયની શુદ્ધિરૂપે ઉપયોગી ભાવ ભજવે છે; પુ૦ **ચરણવિજયજી**નો વાડાનો દુરાગ્રહ કોને છે ? એ તટસ્થ વાચકને ખાસ માર્ગદર્શક છે; સ્વ૦ આચાર્ય શ્રી **વીજયકેસરસૂરિ**ના વિવિધ વચનામૃતો એ તેમની વિદ્વત્તાનો અચુક પુરાવો છે; મુનિશ્રી **ન્યાયવિજયજી**ના અમારી પુર્વ દેશની યાત્રાના અગીઆર લેખો ઐતિહાસિક નવીન સંશોધનનું પૃથક્કરણ કરનારા અને બુદ્ધિપુર્વક લખાયલા છે; જ્યાં તેઓશ્રી વિહાર કરે છે ત્યાં તેમની સૂક્ષ્મદૃષ્ટિ પુરાતન પરિસ્થિતિ શોધી કાઢે છે; રા. **વિઠ્ઠલદાસ મૂલચંદ** બી. એ.ના મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ અને ત્યાગનો મહિમા વિગેરે અગીઆર લેખોમાં અનેક ઉપયોગી વિચારો મંડનાત્મક શૈલીથી આવેલા છે; જે નૈતિક તેમ જ ધાર્મિક દૃષ્ટિબિંદુથી સમાજને આચારમાં મુકવા માટે માર્ગદર્શક થઇ પડે તેમ છે, રા૦ **ચોકસીના** પૂજનની સફળતા પાંચ લેખો પૂજાનું સાચું રહસ્ય સૂચવે છે; રા૦ **આત્મવલ્લભનું** સાચી સ્વતંત્રતા તથા પરમાર્થ માર્ગમાં નડતા આઠવિઘ્નો વિગેરે ત્રણ લેખો અનુવાદક તરીકેની સફળતા સૂચવવા ઉપરાંત વ્યાવહારિક તેમજ ધાર્મિક કેળવણીનું દૃષ્ટિબિંદુ રજુ કરે છે; રા૦ **વિનયકાંત મહેતાના** પુર્ણાહુતિ અને સાવધ થા ઉભય લેખો સમાજની જાગૃતિ માટે ઠીક ઉપયોગી છે; દ્રવ્ય ગુણપર્યાય વિવરણના ત્રણ લેખો રા. શંકરલાલ **ડાયાભાઇ** કે જેઓ **જૈન** ગુરૂકુળના સુપ્રીટેંડંટ છે; પ્રસ્તુત લેખો દ્રવ્યાનુયોગના જ્ઞાન માટે લખાયલા છે. રા. **ભોગીલાલ પેથાપુરી**નો જૈનોની સંઘસ્થિતિ અને શુદ્ધિનો લેખ વિચારક શકિતથી ( Thinking power ) લખાયલો છે તેમજ રા. **ગુલાબચંદ લલ્લુભાઇ**નો મનુષ્યના વિકાસક્ષેત્રનો લેખ ઉછરતી કલમનો છતાં પરિપકવ દૃષ્ટિવાળો છે; રા. **નાગરદાસ મગનલાલ** દોસીના એક અદ્દભુત શોધ વિગેરે બે લેખો લેખક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકેની ભવિષ્યની આગાહીરૂપ છે; આ સિવાય સૌરીપુર તીર્થ કેસનો, તેમજ સ્વીકાર અને સમાલોચનાના નવ લેખો અને વર્તમાન સમાચારના આઠ લેખો રા. સેક્રેટરીના છે અને નુતન વર્ષનું મંગલમય વિધાનનો લેખ માસીક કમીટી તરફથી લખાયેલ તેમજ પીઠ પૃષ્ઠના બાર લેખો, તત્ત્વચિંતકો, સાક્ષરો રાષ્ટ્રીય સેવકો, અને કવિઓના ઉતારા રૂપ છે. જેમાં **મહાત્માજી, રામાનંદચેટરજી** અને **રવીન્દ્રનાથ ટાગોર** વિગેરેના મુખ્ય છે, તે કમીટી તરફથી છે.

આ તમામ લેખસામગ્રી જુદા જુદા દૃષ્ટિબિંદુથી મનુષ્યોની આત્મભૂમિકા ઉપર સુંદર પરિણામના ઉત્પાદક ( creative attainment ) છે; આધ્યાત્મિક શાંતિ, નૈતિક મનોબળ, આરોગ્ય, વીરતા, પશ્ચાતાપ, વૈરાગ્ય, પુરુષાર્થ, ભક્તિ, જ્ઞાનયોગ, અને અનિત્યાદિ આત્માના અનેક ગુણોને વિકસાવનાર છે પરંતુ આત્માનું ઉપાદાન કારણ જાગૃત-તૈયાર હોય તો જ; નહિ તો લેખોના ઢગલાઓ પણ આત્માના ઉત્ક્રાંતિ ક્રમને ( evolution ideals ) વધારી શકતા નથી; આ ઉપરથી એ ફલિત થાય છે કે આત્મજાગૃતિ રાખી પ્રત્યેક લેખો વાંચવા, વિચારવા અને નિદિધ્યાસન કરી અમલમાં મૂકવા.

નૂતનવર્ષમાં ઉપરના તમામ ગદ્ય-પદ્ય લેખકોને નવીન લેખસામગ્રી સાથે પ્રેરક થવા આમંત્રીએ છીએ તેમજ અન્ય પ્રતિભાશાળી લેખકોને ઉત્તમ લેખોદ્વારા સેવા વ્યક્ત કરવા સાદર નિમંત્રણ કરીએ છીએ.

## અભિલાષા

પ્રસ્તુત સભા તરફથી **વસુદેવહિંડિ** જેવા પ્રાચીનતમ અપુર્વ ગ્રંથના બે વિભાગ બહાર પડી ચૂકયા છે; ત્રીજા વિભાગનું સંશોધન પુ૦ **ચતુરવિજયજી** તથા **પુણ્યવિજયજી** મહારાજની કૃપા નીચે થઇ રહેલછે; **બૃહત્કલ્પભાષ્ય**ના અપૂર્વ અને મહાન ગ્રંથના બે વિભાગ તથા લગભગ કર્મગ્રંથ ટીકા ટુંક વખતમાં જૈન સમાજ સમક્ષ સાદર થશે એમ અમો નિવેદન કરીએ છીએ; નવીન વર્ષમાં ગ્રંથ પ્રકાશન, સસ્તું સાહિત્ય પ્રચાર, તથા ગ્રંથ સીરીઝની સ્ત્રી ઉપયોગી તથા આધ્યાત્મિક અને ચરિતાનું યોગવાળી પ્રવૃત્તિમાં વૃદ્ધિ વિગેરેમાં અમારૂં માનસ ઉત્સાહિત થઇ રહેલ છે; એ અમારા અભિલાષોને વ્યક્ત કરતાં આ સભાના યત્કિંચિત્ સેવાકાર્યની કદર તરીકે **સીલ્વર જ્યુબીલી** માટે પુનઃ પુનઃ સ્મરણ જાગૃતિ આપી શ્રી સંઘની અમારા ઉચિત કર્તવ્યોમાં સહાય અર્પવા પ્રાર્થના કરીએ છીએ.

## અંતિમ ભાવના

આત્મા એ પારદર્શક વસ્તુ છે અને તે પ્રત્યેક શરીરમાં પ્રકાસી રહ્યો છે; પરમાત્મા તેજ થવાનો છે; પરંતુ તેના ગુણોનો વિકાસ થતાં થતાં અંતરાત્મપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરી પરમાત્મા બને છે; વસ્તુસ્થિતિ આ પ્રકારની હોઇ વિકાસ એ એવા પ્રકારનો પ્રાકૃતિ ( natural ) ગુણ છે કે જે ક્ષણે ક્ષણે અસ્તિત્વમાં ( existence ) હોવા છતાં સર્વ ક્ષણે આપણી સ્થૂળ નજરે આવતો નથી; બાળક એ સદા વૃદ્ધિગત થતો જીવ છે; પ્રતિક્ષણે તેનો શારીરિક–માનસિક વિકાસ થતો જ જાય છે; તેના માતાપિતા એ વિકાસને જોઇ શકતા નથી; આ પ્રમાણે વ્યક્તિ, જીવન, સંસ્થાઓ અને ભાવનાઓ એ પરસ્પરના ઉપકારક અને અનિવાર્ય તત્ત્વો છે જેના વિકાસની પ્રબળ અસર એક બીજા ઉપર થાય છે; વચનોમાં રહેલી શક્તિની અસર વ્યવહારિક દૃષ્ટિએ ( relative point of view ) વાંચકોથી છુટી પાડી શકાતી નથી; બીજી દૃષ્ટિએ જેટલાં નયો તેટલાં વચનો છે તેમ જેટલી જ્ઞાનની કળાઓ તેટલાં વિશ્વ છે; અર્થાત્ સ્થુળ વિશ્વ તેનું તેજ રહેવા છતાં જેમ અજ્ઞાનનાં આવરણો છેદાતાં જાય છે તેમ તેમ તે નવા ઉપલબ્ધ થયેલા જ્ઞાનના પ્રકાશમાં વિશ્વ નવું રૂપ ' પર્યાય રૂપે ' ધારણ કરતું જાય છે; વિશ્વ બદલાતું નથી પરંતુ મનુષ્યનો આત્મા–તેની સમજણ બદલાય છે; બાહ્ય વિશ્વ એ મનુષ્યની આંતર દૃષ્ટિએ ( introspection ) પ્રતિચ્છાયા માત્ર છે; સિદ્ધ પરમાત્મા જ્ઞાનસ્વરૂપે વિરાટ સ્વરૂપમાં ( cosmos ) રહેલા છે એટલે કે સર્વવ્યાપી છે; એ સિદ્ધ પરમાત્મા નવપદમાંનું બીજું સ્થાન છે; સિદ્ધ અવસ્થામાં તેમની પાસેથી યોગારુઢ આત્માઓ ધ્યાનદ્વારા વિદ્યુત–આકર્ષણની જેમ અવ્યક્ત અનંત ગુણો પ્રાપ્ત કરી શકે છે; એ સિદ્ધપદમાં અપેક્ષાએ નવ પદો અંતગર્ત થઇ શકે છે; જેથી નવપદજીના અધિષ્ઠાતા **શ્રીવિમળેશ્વર દેવ** અને શ્રી **ચક્રેશ્વરી દેવી** ઉભય દિવ્ય શક્તિઓ નૂતનવર્ષમાં સાધુ અને શ્રાવક સમાજમાં ક્લેશોની ઉપશાંતિ કરે એટલું જ નહિ પરંતુ બૃહચ્છાંતિમાં પંદર પંદર દિવસે જે **शिवमस्तु सर्व जगतः** વાકય સકળ સંઘ તરફથી ઉચ્ચારવામાં આવે છે તેનો અખિલ જગતની શાંતિ રૂપે પ્રચાર કરે, તેમજ નવીન વર્ષમાં પ્રસ્તુત પત્રના લેખકો અને વાંચકોમાં ઉત્સાહ અને સેવાભાવનાનું બળ પ્રકટાવી પ્રગતિમાન યોજનાઓ યોજે એ મંગલમય પ્રાર્થના પ્રેરી ઉપસંહારમાં નીચેનો સ્તુતિ–શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**एकत्रिंशद्गुणै र्युक्ता सिद्धाः सिद्धिं दिशंतु वः ।**
**एकत्रिंशत्तमे वर्षे तन्वन्तु मंगलं तु नः ॥**

**ॐ शांतिः शांतिः शांतिः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મસ્વરૂપ અને ફળ.

કર્મનું ફલ તે બીજા શબ્દોમાં કહીએ તો કુદરતનો કાયદો છે. રાજ્ય કાયદામાં જેમ સાક્ષી–પુરાવા જોઇએ તેમ આમાં જરૂર પડતી નથી. રાજ્યગુન્હાના કાર્યમાં વખતે મનુષ્ય કાવાદાવા, છળપ્રપંચ, ખોટા સાક્ષી–પુરાવાથી કે પુરાવાના અભાવ કે અપૂર્ણતાથી છુટી જાય તેમ કર્મના કાયદામાં નથી હોતું. ત્યાં તો કાં તો ફળ ભોગવવું પડે અથવા પશ્ચાત્તાપ કે તપથી તેનો નાશ થાય કે તે પાતળું પડે. તેમાં જરાપણ બીજું ચાલી શકતું નથી. કરેલા કર્મો અવશ્ય ભોગવવા પડે છે.

સર્વ જગત કર્મને વશ છે, એમ નિશ્ચય જાણતાં હોવાથી જ્ઞાની પુરૂષો તે શુભ ફળના ઉદયમાં હર્ષ અને અશુભના ઉદયમાં દુઃખ પ્રાપ્તિથી દીન થતા નથી.

શાસ્ત્રોમાં અનેક દાખલાઓ છે અને હવે પછી આપવામાં આવશે તે વાંચતા–વિચારતાં તેવા મહાન પુરૂષોને પણ કર્મની વિષમતા પ્રાપ્ત થતાં રાંક અને બળવાન છતાં નિર્બળ બની ગયા છે, જેથી કર્મનું તેવું સ્વરૂપ જાણી મોક્ષાભિલાષી પુરૂષોએ કર્મબંધ કરતાં લક્ષ આપવું ઘટે. શુભ કર્મનો સંચય અધિક થતાં, મનુષ્યનો અભ્યુદય થતાં નીચ કુળમાં જન્મેલ અને દરિદ્ર મનુષ્ય પણ સાર્વભૌમ રાજા થાય છે. સંસારમાં તેને લગતાં ઓછા–વધારે પ્રમાણના દાખલાઓ પણ આપણે જોઇ શકીએ છીએ, તેમજ અભ્યુદય પ્રાપ્ત થયેલા મનુષ્યોને જ્યારે અશુભ કર્મનો ઉદય થતાં તે રાજા, કે ઐશ્વર્યવાન વ્યકિત હોવા છતાં ભિખારી, મહા રોગી, દુઃખી બની ગયેલા પણ જોવામાં આવે છે. આવી કર્મની વિચિત્ર સ્થિતિ દેખતાં બંને સ્થિતિમાં જે સમદૃષ્ટિ રહે તે મહાન્ યોગી સમજવા.

વીતરાગ ભગવાને કથન કરેલું છે કે પ્રશમશ્રેણીને આરૂઢ થયેલા એવા શ્રુતકેવલી પણ દુષ્ટ કર્મે કરીને અનંત સંસાર પરિભ્રમણ કરે છે અને " ગુણસ્થાન-ક્રમારોહ "માં જણાવેલ છે કે અગીયારમા ગુણસ્થાનવર્તી પણ તેવા કર્મોના ઉદયે કરી નિગોદમાં પડે છે તો સામાન્ય મનુષ્ય શી ગણત્રીમાં છે ? કર્મનું બળ કેવું છે તે તો જુઓ !!! મનુષ્યે પોતાની કાર્યસિદ્ધિ માટે સર્વ સામગ્રી તૈયાર કરી હોય તો પણ તે કાર્યપ્રાપ્તિના છેવટના ભાગ સુધી કર્મ પહોંચવા દેતું નથી અને શુભાશુભ કર્મમાં પરિણામ–ફળ નિષ્પન્નતાને અનુકૂળ થઇ જાય છે. દાખલા તરિકે રાજ્યાભિષેકની બધી યોજના શ્રી રામચંદ્રજી માટે આગલી રાત્રિ સુધી તૈયાર હતી, બીજે દિવસે સવારે રાજ્યાભિષેક થવાનો હતો, ત્યાં અશુભ કર્મ ઉદય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતાં રાજ્યાભિષેક ભરતરાજાને થાય છે અને શ્રી રામચંદ્રજીનો વનવાસ જવું પડે તેથી જ કહેવાય છે કે न जाने जानकीनाथः प्रभाते किं भविष्यति ? એટલે કૃતકર્મવિપાક કાર્યસિદ્ધિ થતાં પહેલા પહોંચી જાય-આવી પહોંચે છે, ત્યાં મનુષ્યનું બળ, દંભ, આવડત, તૈયારી, શક્તિ, સામગ્રી કંઇપણ તે વખતે કામ આવી શકતી નથી. મનુષ્ય ગમે તેટલું ધારી રાખે, ધારી મૂકે, યોજના કરી રાખે પરંતુ કર્મ તેથી જુદું જ કરે છે. કર્મની કોઇ એવી અજબ શકિત છે, અને કુદરતનો ત્યાં એવો સનાતન કાયદો છે કે અનેક પુદ્ગળપરાવર્તપરિમાણ સંસારપરિભ્રમણ જેનું શેષ રહ્યું છે તે સતે પ્રયત્નથી રક્ષણ કરવા છતાં પ્રાણીઓનાં સુકૃતનો નાશ કરે છે અને અતિ કિલષ્ટ ઉદય હોતે છતે ધર્મ-પરિણામને મૂળમાંથી પાડી નાંખે છે અને છેલ્લો પુદ્ગળપરાવર્તકાળ જેમનો શેષ રહ્યો છે, એવા મહાપુરૂષના પ્રમાદાદિ છિદ્ર જોઇને ધર્મને અતિ મલિન કરી નાંખે છે. આવી સ્થિતિ હોવાથી મનુષ્ય શુભાશુભ કર્મ કરતો થકો, ગમે તેટલો દંભ, દેખાવ, વાચાળતા બતાવે, પરંતુ કાયદો એવો છે કે સામાન્ય, શ્રીમંત, બુદ્ધિશાળી, ગૃહસ્થ અને ત્યાગી કોઇનું પણ ત્યાં ચાલી શકતું જ નથી. કર્મવિપાકનું સ્વરૂપ તો ઉપર બતાવ્યું. હવે કેવા કેવા મહાન પુરૂષોને કર્મે છોડ્યા નથી તે બતાવવું પણ અહિં અસ્થાને નથી કે તેથી ઉપરોકત સ્વરૂપ અને નીચે બતાવેલાં દષ્ટાંતો સમજી મનુષ્યો કર્મનું સ્વરૂપ સમજી શકે.

દેવ, દાનવ, તીર્થંકર, ગણધર, હરિહર તેમજ અન્ય ઉત્તમ અને બળવાન મનુષ્યો તે સર્વ કર્મસંયોગે સુખ-દુઃખ પામ્યા છે અને બળવાન નિર્બળ બની ગયા છે. કીધેલાં કર્મ ભોગવ્યા વગર છુટી શકાતું નથી તેથી કહેવામાં આવે છે કે કર્મ સમો કોઇ છે જ નહિ. પ્રથમ શ્રી આદિનાથ પ્રભુને પૂર્વકૃત કર્મ ઉદય આવતાં એક વર્ષ આહાર મળી નહિ, મહાવીર પ્રભુને બારવર્ષ સુધી ઉપસર્ગો વિગેરે દુઃખ પડયું અને પ્રથમ બ્રાહ્મણકુક્ષીમાં આવવું પડયું અને કર્ણમાં ખીલા ઠોકાણા. સગર રાજાના એક દિવસે જ સાઠ હજાર પુત્રો એકસાથે મરણ પામવાથી અત્યંત દુઃખી થયો, બત્રીશ હજાર દેશોનો અધિકારી સનત્કુમારચક્રીને શરીરે સોળ રોગ તે જ ભવમાં ઉત્પન્ન થતાં દુઃખી થયો, સુભુમચક્રીને દેવતાઓ હાજરીમાં છતાં દરીયામાં કર્મે પાડયો, બ્રહ્મદત્ત ચક્રીને અંધ થવું પડયું, વીશ ભૂજા અને દશ માથા જેના કહેવાતા અને પ્રચુર વૈભવ અને આખા જગતને જીતેલ રાવણને લક્ષ્મણ વાસુદેવે હણ્યો, મહાન્ આદર્શ એવા રામ, લક્ષ્મણ, અને સીતાને બાર વર્ષ વનવાસ ભોગવવો પડયો, કૃષ્ણ વાસુદેવ જેવા વૈભવશાળી નરને કોસંબીની અટવીમાં પાણી પાણી કરતાં એકલા મરણશરણ થવું પડયું, પાંચ પાંડવો દ્રાપદીને હારી જતાં બાર વષ વનના દુઃખો વેઠવા પડયા, હરિશ્ચંદ્રને કર્મે હલકો કર્યો ત્યારે પોતાની રાણી તારાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આરોગ્યતા.

## —:બાળ સપ્તાહની જરૂરીયાત:—

હમણાં હમણાં લોકો બાળસપ્તાહની હિતકારક પ્રવૃત્તિમાં રસ લેવા લાગ્યા છે, તે શુભ ચિહ્ન છે. આ સપ્તાહ બાળ–સંરક્ષણના વિષયમાં શું શું પ્રવૃત્તિ આપણે કરી છે તે સર્વ પ્રવૃત્તિઓનું "પ્રગતિમાપકયંત્ર" છે. દરેક બાળક ભવિષ્યનું એક સુજ્ઞ શહેરી છે તેમ સમજી આપણે પ્રત્યેક બાળકને શુદ્ધ બનાવવાની કોઇપણ પ્રવૃત્તિમાં રસ લેવો જોઇએ. બાળસંરક્ષણ વિષેના જ્ઞાનપ્રચારથી ઘણા માતાપિતાઓ પોતાના બાળકોની અને પોતાની જીંદગી સુખી બનાવવા અનેક પ્રયત્ન કરી શકે છે. માતાઓની અજ્ઞાનતાને લીધે આપણા દેશમાં અસંખ્ય બાળકો જીવનની પ્રથમ સંવત્સરીમાં જ મૃત્યુવશ થાય છે. આવી રીતે દરવરસે લાખો બાળકો મરણ પામે છે. આ મરણપ્રમાણ સ્વચ્છ હવા, પાણી અને ખોરાકના અભાવે છે. ઘણા બાળકો જન્મથી જ માંદા હોય છે, એનું મુખ્ય કારણ તો એ છે કે માતાઓ અપરિપકવ ઉમરે ગર્ભ ધારણ કરે છે. આ રીતે

---

વેચી અને ચાંડાલને ત્યાં સેવક થવું પડયું, તદ્દભવમોક્ષગામી ચંદનબાળાને બજારમાં પશુની જેમ વેચાવું પડયું, આવતાં ભવમાં થનાર તીર્થંકર મહારજ શ્રેણિક રાજાને પોતાના પુત્રથી કેદમાં પુરાઇ હીરો ચુસી મરણ લેવું પડયું, સત્ત્વશાળી નળ રાજાને પણ રાજ્ય તજી બાર વર્ષ વનવાસ વેઠી દુ:ખો સહન કરવા પડયા, શીલપ્રભાવક સુદર્શન શેઠને શૂળીએ ચડવું પડયું, મુંજ રાજાને પણ ભિક્ષા માગવી પડી, ગજસુકુમાળ મુનિના શિર ઉપર સગડી કરી દેવતા ભરાણા અને મેતારજ મુનિના ગળામાં વાધરી વિંટાણી કર્મે પ્રાણાંત કષ્ટો ઉત્પન્ન કર્યાં, ખંધક રૂષિ અને તેમના શિષ્યો ઘાણીમાં પીલાણા, પૂર્વકર્મના ઉદયથી શ્રી ઢંઢણ રૂષિને છ મહિના આહાર ન મળી શકયો, આર્દ્રકુમાર અને નંદિષેણને ફરી ઘરબાર વસવું પડ્યું, કલાવતી સતીના હાથ છેદાણાં, સુભદ્રાસતી કલંક પામી, મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, એ બધો કર્મનો પ્રતાપ--પ્રભાવ છે. કર્મથી નાશી પાતાળમાં જાય, અગ્નિમાં પેસે, મેરૂશિખર ઉપર ચડે તો પણ કર્મ ત્યાંથી પકડીને પછાડે છે. આવા આવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રોમાં છે તે કર્મરાજને વંદન હો ! છતાં તે કર્મોને જીતી જે મહાન નર કે નારીઓ શિવમંદિરમાં પહોંચ્યા છે તેને પ્રાત:કાળમાં નિત્ય અમારાં વંદન હો !

( ગાંધી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્તનાડીઓમાં વ્હેતું કંઇક ઝેર બાળકમાં આવે છે. ખાસ કરીને જે બાળકો થોડા સમય બાદ મરી જાય છે, તેમના મરણુ માટે માતાની ઓછી સંભાળ, વૈદ્યકીય મદદનો અભાવ, અસ્વચ્છ વાતાવરણુ અને ચેપી રોગના વ્યાધિઓ વિગેરે અનેક કારણો છે આ ભયંકર મરણુપ્રમાણુની સંખ્યા અટકાવવાથી આરોગ્ય સપ્તાહ અને બાળસપ્તાહ વિગેરે મેળાવડાઓની જરૂરીઆત સ્વીકારવામાં આવે તો માતાપિતાને બાળ-સંરક્ષણુ વિષયનું સુંદર શિક્ષણુ મળે તે નિર્વિવાદ છે.

## –ઃઆરોગ્ય સપ્તાહની જરૂરીયાતઃ–

પ્રત્યેક વ્યક્તિ એ સમગ્ર સમાજનું અંગ છે અને આવી અનેક વ્યક્તિઓ એટલે રાષ્ટ્ર. વર્તમાન સમાજની તંદુરસ્તી ભવિષ્યની પ્રજાના શારીરિક સુદઢપણાનો આધાર છે. આપણી સ્થાનિક સંસ્થાઓ આ પ્રશ્નને ત્યારે જ ઉકેલી શકે કે જ્યારે આપણા આખા સમાજનો તેને સહકાર હોય, અને ' જાહેર તંદુરસ્તી ' નો વિષય ત્યારે જ સરલ બને કે જ્યારે દરેક શહેરી પોતાની ફરજ સમજી તે મુજબ આચરણુ કરે.

આરોગ્ય સપ્તાહ એ એક એવો ઉત્સવ છે કે જેમાં સ્થાનિક તંદુરસ્તીની સંભાળ રાખનાર સંસ્થાઓ જનતાનો સહકાર મેળવી શકે. દરેક શહેરીની પોતાની પ્રત્યે, પાડોશી પ્રત્યે અને તેના નગર પ્રત્યે શું ફરજ છે તે બાબત આવા ઉત્સવો તેનું ધ્યાન ખેંચે છે અને તેની જોખમદારીનું યથાસ્થિત ભાન કરાવે છે.

## ધાર્મિક ઉત્સવ અને આરોગ્ય સપ્તાહની તુલના.

આપણા દેશમાં ભિન્ન ભિન્ન જાતો, ધર્મો અને વાડાઓ છે. ધર્મના સિદ્ધાંતો મનુષ્યના જીવનનું નીતિનું ધોરણુ ઘડે છે, તેમજ તેને કાંઈ પ્રેરણા અર્પે છે. પ્રત્યેક ધર્મ ઇશ્વરને વિધવિધરૂપે પૂજે છે, અને તેના ગુણુગાનનો–મહિમાનો પ્રચાર કરવા માટે ઉત્સવો ઉજવે છે. અને આવા ઉત્સવોદ્વારા આપણી આધ્યાત્મિક ઉર્મિઓ જાગૃત થવાથી ઇશ્વર પ્રત્યેનો આપણો પૂજ્યભાવ વૃદ્ધિ પામે છે, અને જડવાદી જીવન-વ્યવહારથી થોડા સમય માટે આપણુને નિવૃત્ત બનાવે છે; પરંતુ ધર્મવિષયક ભપકાદાર બાહ્ય ઉત્સવો કરી લોકોને આકર્ષવા ઉપરાંત તેમને જો કાંઇક આંતર નિરીક્ષણુ કરવાનું સૂચવવામાં આવતું હોય તો તે વિશેષ લાભદાયી બને તે નિર્વિવાદ બીના છે. પરંતુ આપણું માનસ જડવાદની લહરીઓથી એટલું બધું કલુષિત બની ગયું છે કે સાચી સલાહ માન્ય કરવામાં આપણે આનાકાની કરીએ છીએ. એ સલાહ અનુસરનારા તો ગણ્યાગાંઠ્યાં જ હોય છે. આરોગ્યસપ્તાહ એ એક રાષ્ટ્રીય ઉત્સવ છે કે જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવન-સિદ્ધિ

( મ. ટોલ્સ્ટોયના એક લેખનો અનુવાદ. )

અનુવાદક:—વિ. એમ. શાહ બી. એ.

**આધ્યાત્મિક વિકાસ:—**

બે ઘટનાઓથી મનુષ્યની આંખો ઉઘડી જાય છે અને આશ્ચર્યચકિત દશામાં એ બોલી ઉઠે છે કે આ વિશ્વમાં જરૂર કોઇ એવી અદ્ભુત શક્તિ છે કે જેની સામે માણસ માથું ઝુંકાવે છે. એ બે ઘટનાઓ છે જન્મ અને મરણ.

આ જીવન શા માટે છે ! તેનું પ્રયોજન શું ? તેની સફલતા કયારે મનાય ? જીવવા-જીવવામાં તફાવત કેમ પડે? મૃત્યુ કદિ નથી છોડતું ?—આ પ્રશ્નો વિચારશીલ માણસ વ્હેલા કે મોડા પોતાના મનને જરૂર પૂછશે ? શ્રીમદ્ શંકરાચાર્ય બત્રીસ વર્ષની ઉમરે આ લોક છોડી ગયા, ઇસામસીહ પણ લગભગ તેટલી જ ઉમરે વિદેહ થયા, શિવાજી મહારાજ પણ વધારે નથી જીવ્યા, પરંતુ તેવા પુરૂષો કેમ અમર થઇ ગયા ? આનો ઉત્તર બહારથી કદિ નહિ મળે. એના જવાબ માટે તો મનુષ્યે અન્તર્મૂખ થવું જોઇએ. આંતર દૃષ્ટિ બનાવવી પડશે. આંખ બંધ કરીને પોતાના ચિત્તપ્રદેશમાં ચાલતા અનેક વિકાર-યુદ્ધોની બારીકીથી તપાસ કરવી પડશે અને તે ઉપરાંત પ્રભુકૃપા હોય તો કંઇક સાચો ઉત્તર મળી શકે છે.

આંતરદૃષ્ટિની ટેવવાળો માણસ ધીમે ધીમે એટલું તો સ્પષ્ટ સમજવા લાગે

---

હિંદુ, મુસલમાન, જૈન કે શીખ સૌ કોઇ સમભાવે ભાગ લઇ શકે. જેમ ઇશ્વરપૂજા એ આપણું નિત્ય રટણ હોય છે તેમ આરોગ્ય-પૂજા એ આપણા જીવનમાં ઓતપ્રોત થએલ વિષય હોવો જોઇએ. ધાર્મિક ઉત્સવો જેમ ઇશ્વર રટણપ્રતિ માનસ દોરે છે તેમ આરોગ્યપૂજા તે આપણા વર્તમાન હિત અને સુંદર તેમજ સ્વચ્છ રહેણીકહેણીપ્રતિ ભાવપ્રવાહ ફેલાવે છે. આવા ઉત્સવો ભિન્ન ભિન્ન મતવાળાઓને ઐકય કરવામાં સાંકળરૂપ નીવડે છે એટલે જેટલી અગત્યતા આપણે આપણા ધાર્મિક ઉત્સવોને આપીએ છીએ તેટલી જ અગત્યતા આમ પ્રજાની શારીરિક સુખાકારીના વિષયને આપવી જોઇએ. કારણ કે માનવ-મંદિર એ સર્વ શુભકાર્યો અને ધર્મસાધનાના પાયારૂપ છે, તેટલા જ માટે ' આરોગ્ય સપ્તાહ ' ને વાર્ષિક ઉત્સવ બનાવવાની વિજ્ઞપ્તિ છે. શારીરિક સુખાકારી ધાર્મિક કાર્યો માટે પણ જરૂરીઆતવાળી છે.

સં૦ **નરોત્તમદાસ બી. શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે મનુષ્યમાં ત્રણ પ્રકારની દશાઓ રહે છે. (૧) પશુદશા-સ્થૂલ શરીરભાવ. (૨) મનુષ્ય-દશા, (૩) દેવ દશા-સામાન્ય મનુષ્યો મનુષ્યતા ભૂલી જઇને પશુ-દશામાં પડી જાય છે અને પ્રયત્નશીલ મનુષ્ય કોઇ વાર દેવ-દશાનો અનુભવ કરે છે અને શુભ આંતર આનન્દથી ઝગમગી ઉઠે છે.

એ રીતે પશુમાંથી દેવ બનવાનું નામ આધ્યાત્મિક વિકાસ છે. આન્તરદૃષ્ટિ અને આત્મપરીક્ષાની મજબૂત ટેવ વગર એ વિકાસ જલ્દી સિદ્ધ નથી થઈ શકતો.

**પાપ—**

આધ્યાત્મિક વિકાસ અર્થાત્ આપણા હૃદયમાં થનારી દૈવી પ્રેમની સતત વૃદ્ધિ. એ પ્રેમની મર્યાદા ઘણી વિશાળ બની શકે છે, પ્રાણીમાત્ર સુધી પહોંચી શકે છે; છતાં એમાં વિઘ્ન ખૂબ આવે છે. એ અંતરાયો-વિઘ્નોનું બીજું નામ પાપ છે.

પ્રેમની વૃદ્ધિ રોકનાર પાપ છ છે. એ પાપોની સાથે જાગ્રત મનુષ્યને લડવું પડે છે. એ લડાઇનો પણ એક વિધિ છે. એ વિધિ પ્રમાણે લડનાર જલ્દી વિજયી બને છે. જે ક્રમમાં એ લડાઇ વધારે ફલદાયી થાય તે ક્રમમાં એ પાપો નીચે લખ્યા છે.

(૧) આવેશરૂપી પાપ ( કોઇ પણ પ્રકારનો શારીરિક કે માનસિક કેફ )
(૨) આલસ્યરૂપી પાપ ( પોતાની જરૂરીયાતોની પૂર્તિ ખાતર જેટલી મહેનત મજુરી કરવી જોઇએ તેનાથી દિલચોરી )
(૩) તૃષ્ણારૂપી પાપ. ( જરૂરીયાતોની પૂર્તિ કરતાં કરતાં તેનાથી અનેક પ્રકારના વધારે ભોગ પેદા કરી લેવા )
(૪) લોભરૂપી પાપ ( ભાવી જરૂરીયાતોની પૂર્તિ કરી રાખવી )
(૫) સત્તામોહરૂપી પાપ ( બીજા મનુષ્યો પર અધિકાર ચલાવવો )
(૬) ભોગરૂપી પાપ ( સમાગમની ઉર્મિઓને વશ થઇને તેનાથી જૂદા જૂદા ભોગ ભોગવવાની યોજના કરવી. )

એ પ્રત્યેક પાપ ત્રણ પ્રકારના છે.

(૧) મૂલગત અથવા સ્વાભાવિક (૨) વંશપરંપરાગત અથવા સામાજિક (૩) વ્યક્તિગત અથવા સ્વયં ઉભા કરેલા. આમાં બીજા તથા ત્રીજા પ્રકારના પાપની સાથે લડવું બહુ મુશ્કેલ નથી, પરંતુ પહેલાં પ્રકારનું પાપ ઘણું જ આકરૂં છે, અને તેથી જ તેના મૂલોચ્છેદનું કામ વિરલ મનુષ્યો જ સિદ્ધ કરી શકે છે.

છ પાપોનો જે ક્રમ ઉપર બતાવ્યો છે તે સહેતુક છે અને એ ક્રમ પાપની સામે લડવા માટે કંઇક રહેલો પણ છે. જ્યારે મનુષ્યનું તન અથવા મન કોઇ પ્રકારના આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ અથવા કેફમાં ચોરાઇ જાય છે ત્યારે તે કોઇપણ કામ બુદ્ધિપૂર્વક નથી કરી શકતો. એટલા માટે એ કેફને સૌથી પહેલો ત્યાજ્ય ગણ્યો છે. બીજે નંબરે આલસ્યનો ત્યાગ ઇષ્ટ છે, કેમકે જો દુનિયામાં મનુષ્યમાત્ર ઓછો--વત્તો મજુર ન બને ( મહેનત ન કરે ) તો દુનિયાનો મોટોભાગ દુઃખી જ રહે એમાં શક નથી. શારીરિક શ્રમ કરનાર જાણે છે કે મારા પોતાના સુખ માટે નહિ, પરંતુ અન્યના પણ આરામ ખાતર કંઇ ને કંઇ મજુરી કરવી જ જોઇએ. એ પછી તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ અર્થાત જરૂરીયાતો જેટલી ઓછી અને સાદી હોય તેટલો જ મનુષ્ય વધારે સુખી અને નિઃસ્પૃહી બની શકે છે. અન્ન, વસ્ત્ર, ઘર સૌને માટે જરૂરના છે એની કોઇપણ ના પાડી શકે તેમ નથી, પરંતુ તે અત્યંત આવશ્યક વસ્તુઓ પણ સૌને મળી નથી શકતી; કેમકે કેટલાક લોકોએ પોતાની જરૂરીયાતો વધારી દીધી હોય છે. આમાં અતિશય ક્રૂરતા અને નિષ્ઠુરતા છે. હવે લોભરૂપી પાપનો નંબર આવે છે. આજે તો ખાવાનું મળ્યું, પણ કાલે શું થશે? પરમદિવસે શું થશે? ઘડપણમાં શું કરશું? એવા વિચારોને લઇને મનુષ્ય લોભી બને છે. પોતાનું સાચું હિત ખોઇ બેસે છે અને બીજાઓને દુઃખમાં ધકેલી દે છે. એના ઇલાજરૂપે મનુષ્યે અપરિગ્રહવ્રત અથવા પરિગ્રહ--પરિમાણવ્રત લેવું જોઇએ. ત્યારપછી સત્તામોહરૂપી પાપની સાથે લડવું રહ્યું. બીજાઓ ઉપર રોફ કરવો, સત્તા ચલાવવી, તેઓને તેમની ઇચ્છાનુસાર નહિ ચાલવા દેતાં પોતાને તાબે કરી લેવા એ પાપની સાથે લડવાનું કામ ઉક્ત પાપોથી ન્યૂનાધિક મુક્ત માણસને માટે મુશ્કેલ નથી. જેને અસંખ્ય સેવકો છે તે સૌથી મોટો નથી, પરંતુ જે અસંખ્યોનો સેવક તે જ સૌથી મોટો છે, એ દીવા જેવી સ્પષ્ટ વાત સમજતાં વાર નહિ લાગે. છેલ્લું અને સાથી વિષમ, સૌથી મુશ્કેલ કામ ભોગરૂપી પાપ સાથે લડવાનું છે, પરંતુ એ અત્યંત વિચારવા જેવું છે કે જેવી રીતે અન્ન, વસ્ત્ર, ઘર, આરામ વિગેરે જરૂરીયાતોથી કોઇપણ દેહધારી મનુષ્ય પુરેપુરો મુક્ત નથી થઇ શકતો તેવી દશા તે જરૂરીયાતની નથી. એટલે તો પુરેપુરો સંભવ છે કે અન્ન, વસ્ત્ર વગેરેની જરૂરીયાતોની સંપૂર્ણ ઉપેક્ષા કરનારનો દેહપાત થઈ જાય, પણ સંભોગરૂપી આવશ્યકતાને આવશ્યકતા તરીકે ન ગણનાર અખંડ નૈષ્ઠિક બ્રહ્મચારી પુરૂષ અથવા સ્ત્રી મોતને દૂર ધકેલે છે એ કોણ નથી જાણતું? ભીષ્મપિતામહ અને હનૂમાનના નૈષ્ઠિક બ્રહ્મચર્યના અતુલ પરાક્રમ સ્મરણ કરાવવાની શું જરૂર છે? પહેલા પાંચ તથા આ છેલ્લા પાપનું આ રહસ્ય સમજી લેવાથી તેની સાથેનો ઝગડો સહજ થઇ જાય છે. એ રીતે એ ક્રમ સપ્રયોજન અને સાર્થક સિદ્ધ થાય છે.

કોઇપણ પાપની સાથે લડવાની રીત પણ સમજવા યોગ્ય છે. ન્હાયા એટલું પુન્ય, જાગ્યા ત્યાંથી સવાર, એ કથનોના ગર્ભમાં રહેલું તત્વ સ્વીકાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી કઠિન માર્ગપર પણ ચાલવાની શક્તિ પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે આલસ્યરૂપી પાપની કુટેવથી છુટવાનો પહેલો ઉપાય એ છે કે જે કામ માણુસ પોતે કરી લેતો હોય તે તેણે છોડી ન દેવું પણ ચાલુ રાખવું. તે પોતાનાં કપડાં પોતે જ ધોતો હોય તો તેણે તે કામ કોઇ બીજા પાસે ન કરાવવું જોઇએ. બીજાની મહેનતે મેળવેલી વસ્તુઓ વગર જો ચલાવી શકતા હોઇએ તો તેવી ચીજો ન ખરીદવી જોઇએ. પગે ચાલીને જઇ શકતા હોઇએ તો ગાડી અથવા ઘોડાપર ન બેસવું જોઇએ. થેલી પોતે જ ઉપાડી શકીએ તો કુલીને બોલાવવાની જરૂર નથી વગેરે. આ સઘળી વાતો તદ્દન નજીવી જણાય છે, પરંતુ લોકો તે પ્રમાણે ચાલે તો પોતાનાં અનેક પાપ અને તેનાથી પેદા થનાર કષ્ટથી બચી જાય.

એ રીતે પ્રત્યેક પાપથી મુકત થવાનો યત્ન કરવામાં આવે તો માણુસ ધીમે ધીમે પણ દૃઢતાપૂર્વક મુક્ત થઇ જાય છે. ગીતાજીના કથનાનુસાર 'शनैः शनैरुपरमेदबुद्धया धृतिगृहीतया ।' એ નીતિ સંભોગરૂપી કઠિનમાં કઠિન પાપને પણ તેટલી જ યોગ્યતા અને સફલતાપૂર્વક લગાડી શકાય છે. દુરાચારી તથા વ્યભિચારી માણુસ પણ આ રીતે યત્ન કરે તો આજીવન અખંડ બ્રહ્મચર્ય સુધી પહોંચી શકે છે એમાં શંકા નથી.

**ભ્રમ:—**

મનુષ્ય પાપ કરે છે, પુરેપુરો પાપમુક્ત મનુષ્ય તો વિરલ હોય છે; પરંતુ દુઃખ એટલી વાતનું છે કે એ સર્વ પાપોને પાપ તરીકે સમજવાનું છોડી દે છે ત્યારે તે ભ્રમ કહેવાય છે. એ ભ્રમને કારણે તે પાપને સહજ તેમજ સ્વાભાવિક સમજવા લાગે છે એટલું જ નહિ પરંતુ કોઇ કોઇવાર તો પાપને ધર્મ સમજી બેસે છે.

એ ભ્રમના પાંચ વિભાગ કરી શકાય છે.

( ૧ ) વ્યક્તિગત, ( ૨ ) કૌટુમ્બિક, ( ૩ ) કામકાજનો ( ૪ ) મંડળનો, ( ૫ ) રાષ્ટ્રનો.

આ પાંચમાંથી કોઇપણ એક ભ્રમમાં પડીને માણુસ પોતાના અનેક પાપોને ક્ષંતવ્ય અને આવશ્યક માની શકે છે અને પરિણામે બીજા અનેક માણુસોને દુઃખી કરી શકે છે. ( ૧ ) એમ સમજીને મનુષ્ય પોતાનું આખું જીવન સ્વાર્થમાં વીતાડે છે અને પરમાર્થ કદિ તેને દૃષ્ટિએ જ નથી પડતો. ( ૨ ) શું મારા કુટુંબને નિરાધાર રાખું ? બચ્ચાંઓનું ભવિષ્ય હું ન સંભાળું તો કોણ સંભાળશે ? આ ભ્રમમાં પડીને સ્ત્રી અથવા પુરૂષ જીવનભર કુટુંબના નામે અનેક નિષ્ઠુર કાર્ય કરતા રહે છે અને એમાં કશું પાપ નથી જોતા. (૩) મારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ મારે પુરૂં કરવું જ જોઇએ, મારૂં કારખાનું મારે ચાલું રાખવું જોઇએ, નહિ તો હજારો માણસો બેકાર બનીને ભૂખે મરી જશે. આવા ભ્રમમાં પડેલો માણુસ પોતાના પાડોશના રોગીને સહાય કરવાના કર્ત્તવ્યને ભૂલી જાય છે, એટલું જ નહિ પણ રોગીની પરિચર્યામાં રહેલા માણસને પોતાને ત્યાં પોતાનાં કામકાજ માટે બોલાવી લેતાં પણ અચકાતો નથી. ( ૪ ) અમુક મહાશય મારો છે, એ તો મારી જાતિનો છે, એ તો મારા ગામનો છે, એ તો મારો સગો છે, અમુક સજ્જને મારી ઉપર ઉપકાર કર્યો છે–એવા બ્હાના બતાવીને માણસ પોતાને તથા બીજાને કેટલો અન્યાય કરે છે ? સમાજમાં આ પાપનું પ્રમાણ સૌથી વધારે છે. (૫) અને રાષ્ટ્રહિત ભ્રમ તો બહુ જ ભારે છે. આ ભ્રમમાં પડીને લોકોએ સેંકડો અત્યાચાર કર્યા છે, ઇતિહાસ એની સાક્ષી પુરે છે. આ ભ્રમ બીજા ભ્રમથી જૂદા પ્રકારનો છે, કેમકે રાષ્ટ્રના ભ્રમમાં પડેલા માણસો અનેકઅન્યાય, અત્યાચાર પોતાનાં કર્તવ્યના નામે, પોતાના ધર્મના નામે કરે છે અને તેના દેશવાસીઓ તેના એ દુષ્કૃત્યો માટે અભિનંદન આપે છે.

આવા ભ્રમને કારણે જ દુનિયામાં પાપ એટલું બધું વ્યાપક બન્યું છે. એટલા માટે પ્રત્યેક માણસે એ ભ્રમથી મુક્ત થવાને જીવતોડ પ્રયાસ કરવો જોઇએ, અને એટલું યાદ રાખવું જોઈએ કે પાપ તો ટેવનું પરિણામ છે અને સાચા દિલના જાગ્રત પ્રયત્નો વગર એ ટેવની ગુલામીથી મુક્ત થવું અશક્ય છે.

यद्यपि लोके मरणं शरणं ।

तदपि न मुञ्चति पापाचरणम् ॥

**પ્રાર્થના—**

મિથ્યા શ્રદ્ધામાં ન ફસાવા માટે પોતાની બુદ્ધિ સિવાય બીજા કોઇ પર વિશ્વાસ નહિ કરવાની જરૂર છે. ભ્રમથી બચવા માટે એ જરૂરનું છે કે આપણે સત્યનો, જીવનના વિરોધી કાર્યોનો બચાવ ન કરવો. પાપમાં ન ફસાવા માટે દરેક માણસે અટલું સાફ સાફ સમજવાની જરૂર છે કે પાપ અનિષ્ટ છે, તે સાચાં તેમજ વ્યક્તિગત સુખ છીનવી લે છે. અને બીજા મનુષ્યોમાં અનિષ્ટ ઉત્પન્ન કરે છે.

લોકો આ સઘળું જાણતાં છતાં પાપથી નથી બચી શકતા, પાપમાં પડે છે, એનું કારણ એ છે કે માણસ પોતે કોણ છે ? પોતાનો આત્મા કેવો છે ? વગેરે સ્પષ્ટતાપૂર્વક નથી સમજતો.

પોતાની જાતને વધારે પૂર્ણતા અને સ્પષ્ટતાપૂર્વક સમજવાનો એક જ રામબાણ ઉપાય છે અને તે પ્રાર્થના. ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે મનુષ્યે સાચા દિલના જાગૃત પ્રયત્નોદ્વારા ટેવની ગુલામીમાંથી મુક્ત થવું જોઇએ, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેવેચચુકયો માનવી.

લેખક—નાગરદાસ મગનલાલ. દોશી. બી એ.

આ સંસારની અંદર મનુષ્યોએ શું કામ કરવા જોઇએ અને શું કામ તેઓ કરે છે, એ હું જ્યારે વિચારૂં છું ત્યારે ખરેખર મને બહુ જ ખેદ થાય છે. કોણ જાણે કેમ દરેક દશ માણસે આઠ માણસ અવળાં જ જતાં હોય તેમ મને લાગ્યાં કરે છે, અને તેઓને માટે દયા ઉપજે છે. મનુષ્ય માની બેઠો છે કે આ જીવન તેને બને તેટલું ધન એકઠું કરવા અને મોજશોખમાં દિવસ પસાર કરવા મળ્યું છે, પણ મને કહેવા દ્યો કે આ માન્યતા સત્યથી વેગળી છે, અને તેને છોડવામાં જ અથવા તો સુધારવામાંજ મનુષ્યનું હિત સમાયેલું છે. મનુષ્યના શરીરનું ઉમદા બંધારણ તપાસતાં આપણને એક વાત તો અવશ્ય સમજાય છે કે આવો અનુપમ મનુષ્ય દેહ આપણને મળ્યો છે, તેમાં જરૂર કાંઇક ગૂઢ અર્થ સમાયેલો છે. મનુષ્ય માત્ર ભંડોળ એકઠું કરનાર મારવાડીની પેઢીનું કામ કરે એવો તેનો અર્થ કોઇ ન કરે. માણસ પોતાનું ચારિત્ર વિકસાવે, પૂર્વભવના સારા સંસ્કારોમાં વધારો કરે અને આત્મામાંથી પરમાત્મદશાએ પહોંચે, એવો અર્થ એમાં રહેલો હોય એમ સહેજે માની શકાય છે, પણ જેમ બીનઅનુભવી ઝવેરીને કોઇ અમૂલ્ય રત્નની કિંમત હોતી નથી તેમ મનુષ્યને પણ આ અમૂલ્ય

---

માલીકની મહેરબાની વગર, પ્રભુ પ્રસાદ વગર કદિ કોઇને મુક્તિ મળી છે ? આપણાથી ભૂલો તો થવાની જ. છતાં એ ભૂલો, સ્ખલન કરતાં કરતાં આપણે પ્રભુના પ્રસાદની યાચના કરીએ અને ધીમે ધીમે તેનાથી મુક્ત થઇએ. એ માટે સતત પ્રાર્થનાની આવશ્યકતા છે. એ પ્રાર્થના કૃત્રિમ નહિ રહે, ગંગાના પ્રવાહની માફક હૃદયનો પ્રવાહ પ્રકૃતિની શોભામાં વૃદ્ધિ કરનાર સ્વાભાવિકતાથી વહેવા લાગશે. ત્યારે એ પ્રસાદ, પ્રભુની એ પરમ કૃપા, આપણા પામર પણ નિર્મળ ચિત્ત ઉપર ઉતર્યા વગર નહિ રહે એમાં લેશ પણ શંકા નથી. પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને એ સન્માર્ગપર ચલાવે અને તેના પ્રસાદના પાત્ર બનાવે એ જ અંતિમ પ્રાર્થના.

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનની કિંમત નથી. તેને તો જીવન ખરીદતાં અને વેચતાં પૈસાની જરૂર પડતી હોત તો જીવનની કિંમત રહેત. પણ કુદરતે જેમ ગુલાબને કાંટા દેવામાં ભૂલ કરી છે, તેવી જ ભૂલ તેણે હવા, પાણી અને જીવન મફત દેવામાં કરી છે. કુદરત આ ભૂલ ધ્યાનમાં લેશે અને સુધારશે ? માનવીના અપાર ડહાપણને આજે આ કુદરતની ભૂલ સાલે છે. તેને ધન એકઠાં કરવાના રસ્તા ઓછા પડે છે અને તેથી કહે છે કે જો કુદરતે હવા–પાણી વિગેરે આટલા બધા પ્રમાણમાં ન સરજાવ્યાં હોત તો કેવું સારૂં થાત ? કેટલાય માણસો તેનો વેપાર કરી, આજે શ્રીમંત બની જ્ઞાતિના અને રાજ્યના અલંકારરૂપ બન્યા હોત ? વળી એક યા બીજી રીતે તે બેકારી પણ ઓછી કરી શકત, કે જે આજે સારીયે દુનીયાને સતાવી રહી છે; પણ ખેર, આપણું જ ધાર્યું હમેશાં થાય તેવું કયાં છે ? વળી જો કોઇ પોતાના ધનથી સંતોષ પામે તો તેને દુન્યવી ડહાપણ મૂર્ખ ઠરાવે છે, કારણ કે તેની નજરમાં મરણાંત સુધી રળવું અને ધનમાં અસંતોષ રાખવો એ જ ખરૂં ડહાપણ છે. વળી આવા માણસ અને સેવાને બીલકુલ બનતું નથી, કારણ કે પહેલાનો ઉદ્દેશ ધન મેળવવાનો છે ત્યારે સેવામાં ધનનો ત્યાગ છે. આમ દરેકના રાહ નિરાળા છે, તેથી આ માર્ગ ચૂકયો માનવી નથી તો સેવા કરી શકતો કે નથી તો સેવા કરનારની કદર કરી શકતો. તેને મન સેવા એટલે કેટલાક બાપકમાઇવાળા અને નવરાં માણસોની પ્રવૃત્તિ. આમ આ મૂર્ખ માણસને આંખે અજ્ઞાનરૂપી પડળ ચડી ગયા હોવાથી, અને ધનના લોભરૂપી વેલ વધી જવાથી તેને ડાહ્યો માણસ મૂર્ખ લાગે છે અને પોતાની મૂર્ખતામાં ડહાપણ જુવે છે. વળી તેને મન કોઇ પૂજ્ય હશે કે નહિ તે ચોક્કસ કહી શકાય નહિ, પણ જો હોય તો તે એવા માણસને પૂજ્ય ગણે છે કે જે પોતાનું સમગ્ર જીવન લક્ષ્મીની આરાધના કરવામાં જ ગાળે અને વધારે અને વધારે લક્ષ્મી સંપાદન કર્યા જ કરે. વળી જે ઘરેથી દુકાને અને દુકાનેથી ઘરે જતો હોય અને જે પોતાની દુકાન કે બજાર સિવાયના દુનિયાના બીજા કોઇ સમાચાર જાણવાની પરવા ન કરતો હોય. વળી આવો માણસ પોતાની જાતને ડાહ્યો માનતો હોવાથી બહારની શિખામણ તેના ઉપર કેટલી અસર કરે એ કહેવું મુશ્કેલ છે; છતાં હું આજે થોડાક શબ્દો કહ્યા વિના રહી શકતો નથી. ધન માટે મેં આટલું બધું લખ્યું છે માટે હું ધનનો વિરોધી છું એમ કોઇ ન માને. હું તો એમ કહેવા માગું છું કે ધન એ સાધન છેઃ સાધ્ય નથી. મનુષ્યને પોતાના જીવનની અંદર જે સાધ્ય મેળવવાનું છે તેની અંદર દ્રવ્ય મદદ કરે છે, અને તેથી જ આપણે તેને સાધન કહીએ છીએ. જેમ ખાલી કોથળો ટટાર રહી શકતો નથી તેમ અન્ન અને એવી બીજી જરૂરીયાતની વસ્તુ વગર માણસ પોતાની ફરજ બજાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ.

ઇષ્ટ સંયોગ, સમૃદ્ધિયુકત વિષયસુખ, સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વે **અનિત્ય** છે.

જન્મ, જરા અને મરણુના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રી જિનેશ્વર ભગવાનના વચન થકી અન્યત્ર કયાંય **શરણુ** નથી

સંસાર ચક્રમાં ફરતાં એકલાને જન્મ મરણુ કરવાં પડે છે, અને શુભાશુભ ગતિમા જવું પડે છે; તેથી આત્માએ એકલા પોતે જ પોતાનું અક્ષય આત્મહિત સાધવું.

હું સ્વજનથી, પરજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક સંતાપ થવો સંભવતો નથી.

અશુચિથી ઉત્પન્ન થએલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્યને પણુ અપવિત્ર કરનાર એવા દેહનો અશુચીભાવ હરેક સ્થાને ચિંતવવો.

માતા થઇને પુત્રી, બ્હેન, અને ભાર્યા આ સંસારને વિષે થાય છે, તેમ જ પુત્ર થઇને પિતા, ભાઇ અને શત્રુ પણુ થાય છે.

જે મિથ્યાદ્રષ્ટિ અવિરતિ, પ્રમાદી અને કષાય યોગને વિષે રૂચિવંત છે

---

શકતો નથી. આ જરૂરીયાતો ખરીદવાને ધન કામનું છે માટે જ ધન ઉપયોગી છે. એક મનુષ્યને કાશ્મીર જવું હોય તો તેણે કાશ્મીરની ટીકીટ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇયે, પણુ દૈવવશાત્ કાશ્મીરની ટીકીટ આંખને રમ્ય લાગતી હોવાથી, તે માણુસ ટીકીટો એકઠી કરવા જ મંડયો રહે અને કાશ્મીર જવાનું જ ભૂલી જાય તો આપણે તેને કેવો કહીએ ? અહીંયા તે પોતાનું ધ્યેય ભૂલી જઇ સાધનને વળગી રહે છે. તેમ જે મનુષ્યો ફકત જીવનપર્યંત ધન મેળવવામાં જ મંડ્યા રહે છે તેઓ પોતાનું ધ્યેય ભૂલે છે અને સાધનને સાધ્ય ગણી આરાધે છે. આ કેવળ મૂર્ખાઇ છે. જે સમગ્ર જીવનને વ્યર્થ બનાવવા પુરતી છે. આમ દરેક મનુષ્યે જાણુવું જોઇએ કે આપણે આપણા જીવનની અંદર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વસ્તુ સાધવાની છે અને એ ચારેને માટે તનતોડ મહેનત કરવાની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનામાં મલીન કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે તે માટે તેનો નિરોધ કરવા યત્ન કરવો.

પુન્ય, પાપને નહિ ગ્રહણ કરવામાં જે મન, વચન, કાયાની વૃત્તિ તે આપ્ત પુરૂષોએ ઉપદેશેલો, અત્યંત સમાધિવાળો અને હિતકારી સંવર ચિંતવવા યોગ્ય છે.

જેમ વૃદ્ધિ પામેલો દોષ લંઘનથકી યત્નવડે ક્ષીણ થાય છે તેમ એકઠાં થયેલા કર્મને સંવર યુક્ત પુરૂષ તપવડે કરી ક્ષીણ કરી નાંખે છે.

ઉર્ધ્વ, અધો અને તીરછા લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મ મરણ, રૂપી દ્રવ્ય અને ઉપયોગનું ચિંતવન કરવું.

જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ ચારિત્ર ધર્મ સારી રીતે પ્રરૂપેલો છે, તેમાં જે રક્ત થયેલા છે તે સંસાર–સમુદ્રને લીલા માત્રમાં પાર પામેલા સમજવા.

મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમકુળ, આરોગ્યતા. અને દીર્ઘાયુષ પ્રાપ્ત થયે છતે; તેમજ શ્રદ્ધા, સદ્ગુરૂયોગ, અને શાસ્ત્રશ્રવણ આદિ સામગ્રી વિદ્યમાન છતે પણ સમ્યકત્વ અતિ દુર્લભ છે.

સેંકડો ભવે એવું દુર્લભ સમ્યકત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગ દેખવાથી અને ગૌરવના વશથી ચારિત્ર પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.

તે ચારિત્રરત્ન પામીને ઇંદ્રિય, કષાય, ગૌરવ, અને પરીષહ રૂપ શત્રુથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠીન છે.

તેટલા માટે પરિષહ, ઇંદ્રિય અને ગૌરવ ગણના નાયક એવા કષાય શત્રુઓ-ક્ષમા, મૃદુતા રૂજુતા, અને સંતોષ વડે કરીને વીર પુરૂષોએ જય કરવો.

કષાયના ઉદય નિમિત્ત અને ઉપશાંતિના નિમિત્ત સમ્યગ રીતે વિચારીને ત્રિકરણ શુદ્ધિથી તેમનો અનુક્રમે ત્યાગ અને આદર કરવો.

## 'દશવિધ ધર્મ'

ક્ષમા, મૃદુતા, રૂજુતા, પવિત્રતા, સંયમ, સંતોષ, સત્ય, તપ, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતા એ રીતે **દશવિધ ધર્મ** વિધિ સેવવા યોગ્ય છે.

ધર્મનું મૂળ દયા છે. ક્ષમારહિત માણસ દયાને સારી રીતે આદરી શકતો નથી તે માટે જે **ક્ષમા** આપવામાં તત્પર છે તે ઉત્તમ ધર્મને સાધી શકે છે.

સર્વ ગુણો વિનયને આધીન છે, અને વિનય મૃદુતાને આધીન છે, જેમાં સંપૂર્ણ **મૃદુતા** વસી છે તે સર્વગુણસંપન્ન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઋજુતા** વિનાનો કોઇ શુદ્ધિને પામતો નથી. અશુદ્ધ આત્મધર્મ આરાધી શકતો નથી, ધર્મ વિના મોક્ષ નથી અને મોક્ષવિના બીજું પરમસુખ નથી.

જે ઉપકરણ, આહાર પાણી, અને દેહને આશ્રીને દ્રવ્યશૌચ કરવો ઘટે તે ભાવશૌચને બાધક ન પહોંચે તેમ યત્નથી કરવો યોગ્ય છે.

હિંસાદિક પંચાશ્રવથી વિરમવું, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો અને મન-વચન-કાયાના ત્રણ દંડથી વિરમવું એમ સંયમ ૧૭ પ્રકારે છે.

બાન્ધવ, ધન અને ઇંદ્રિય સુખના ત્યાગથી જેણે ભય અને વિગ્રહ ત્યજ્યા છે અને અહંકાર, મમકાર ત્યજ્યા છે એવા ત્યાગી સાધુ જ નિર્ગંથ કહેવાય છે.

પૂર્વાપર અવિરૂદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન, મન, વચનની એકતા અકુટિલતા આદરવી એમ ચાર પ્રકારનું સત્ય શ્રી જિનેશ્વરના શાસનમાં કહ્યું છે. અન્યત્ર કહેલું નથી.

**અનશન** ( આહાર ત્યાગ ), ઉનોદરી ( આહારમાં ઓછાશ કરવી ), વૃત્તિ સંક્ષેપ ( નિયમિત રહેવું ), રસત્યાગ, કાયકલેશ, ( શીત તાપાદિ સમભાવે સહેવાં ) અને સંલીનતા ( સ્થીરાસને રહેવું ) એ છ પ્રકારનો બાહ્યતપ કહ્યો છે.

પ્રાયશ્ચિત્ત ( પાપની અલોચના ) ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય. એ રીતે અભ્યંતર તપ છ પ્રકારનો છે.

દીવ્ય તથા ઔદારિક કામભોગ સંબંધી સુખ થકી ત્રિવિધે ત્રિવિધે નિવર્ત્તવું. એવી રીતે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું છે.

અધ્યાત્મજ્ઞાનીઓ નિશ્ચયથી મૂર્છાને જ પરીગ્રહ કહે છે, તેથી વૈરાગ્યના અર્થીને નિષ્પરીગ્રહતા-નિસ્પૃહતા એ પરમ ધર્મ છે.

પૂર્વોક્ત દશવિધ ધર્મનું સદા સેવન કરનારને અત્યંત નિવિડ થયેલા પણ રાગદ્વેષ અને મોહનો અલ્પકાળમાં ક્ષય થાય છે.

અહંકાર અને મમકારના ત્યાગથી અતિ દુર્જય, ઉદ્ધત અને પ્રબળ એવા પરીષહ, ગૌરવ કષાય તથા મન વચન કાયાના દંડ અને ઇંદ્રિયોના સમૂહને યોગી પુરૂષો હણે છે,

સ૦ ક૦ વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી કલ્પસૂત્ર વાંચન માટે શું કરવું ?

### પર્યુષણ અને કલ્પસૂત્ર વાંચન સંબંધી એક નિર્ણય થવાની જરૂર.

આ વર્ષે શ્રાવણ વદિ ૧૨ શુક્રવાર અઠ્ઠાઇધર ને ભાદરવા શુદ ૪ શુક્રવાર સંવત્સરીપર્વ એ માટે એક નિર્ણય થયેલ હોવા છતાં, શ્રાવણ વદિ ૩૦ સૂર્યગ્રહણ હોવાથી ગ્રહણ શરૂ થયા પહેલાં સવાઆઠ પહેલાં કલ્પસૂત્ર પ્રથમ વ્યાખ્યાન અને ગ્રહણ મોક્ષકાલ બે વાગે થતાં બીજું વ્યાખ્યાન વાંચવું એવો નિર્ણય અત્રે તેમજ અમુક બીજે સ્થળે થયેલ જાણવામાં છે; છતાં પેપરોદ્વારા જાણવામાં આવેલ છે કે વદિ ૩૦ ના રોજ અસજ્ઝાય ગણી શ્રાવણ વદિ ૧૪ ના રોજ કલ્પસૂત્ર વાંચનની શરૂઆત કરવી તેવા પણ નિર્ણયો જણાય છે. એમ ભિન્ન ભિન્ન મતોને લઇને કદાચ કલ્પસૂત્ર વાંચન થાય તેમ જણાય છે, તો સકલ હિંદના સકલ મુનિમહારાજાઓ અને શ્રીસંઘોએ જલદીથી એકમત થઇ એક નિર્ણય ઉપર આવવા એમ વિનંતિ કરીએ છીએ.

# સ્વીકાર અને સમાલોચના.

**અધ્યાત્મ મહાવીર-પર્યુષણા ક્ષમાપના** પ્રકાશક ભાયાણી હરિલાલ જીવરાજ કાપડીયા-ભાવનગર કિંમત છ આના. શ્રી મહાવીરદેવનું આધ્યાત્મિકદૃષ્ટિએ મૂળ લેખક ગોકુળદાસ નાનજી ગાંધીએ જે અવલોકયું તે જુદા જુદા ગ્રંથોના આધારે આ નિબંધ લખ્યો છે. ખરેખરી રીતે તો વિશુદ્ધ આત્મા એજ મહાવીર પ્રભુ છે એમ નિશ્ચયદૃષ્ટિથી જ આ લેખ આલેખેલો છે. બીજામાં શ્રી પર્યુષણા ક્ષમાપના એ સ્થાનકવાસી મુનિ કાનજી-સ્વામીનું એક વ્યાખ્યાન છે. શ્રી સૂત્રકૃતાંગ, બૃહત્‌કલ્પ વગેરે સૂત્રોની સાક્ષી આપી લેખ વાંચવા યોગ્ય બનાવેલો છે. પ્રકાશકે બંને સંગ્રહ એ ગ્રંથમાં આપી યોગ્ય કર્યું છે.

**શ્રી આદર્શ જૈનરત્નો**—લેખક જીવનલાલ છગનલાલ સંઘવી. ધમ્મીલકુમાર, તરંગવતી, ચંદ્રશેખર દાનવીર રત્નપાળ, અભયસિંહ-માનસિંહ. આ કથાઓ એક યા બીજી રીતે જુદા જુદા ગ્રંથોમાં પ્રકટ થયેલ છતાં એક સાથે ઉપરોકત પાંચે કથાઓ સાદી અને સરલ ભાષામાં આ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવેલ છે. હાલ આ રીતે ટુંકી ટુંકી કથાઓ પ્રકટ કરવાનો જૈન લેખકો તરફથી પ્રચાર થયો છે અને તે બાળક બાળકીઓના શરૂ-આતના કથાવાંચન તરીકે ઉપયોગી છે. આ બુકમાં તેવો ઉપયોગી સંગ્રહ છે. કિંમત આઠ આના. પ્રકટકર્તાને ત્યાંથી. અમદાવાદ, પંચભાઇની પોળ.

**કર્પૂર કાવ્ય કલ્લોલ**—( ભાગ ૧-૨-૩-૪) જેમાં ચૈત્યવંદન, સ્તવનો તથા સ્તુતિઓ પ્રથમ ભાગમાં, બીજા ભાગમાં ગહુંલી સંગ્રહ, ત્રીજામાં સજ્ઝાયપદ સંગ્રહ તથા ચોથા ભાગમાં ભજન ઉપદેશક પદ સંગ્રહ આપવામાં આવેલ છે. આ ચારે ભાગમાં કેટલાક પૂર્વાચાર્યકૃત અને વિશેષમાં મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજે પોતાના હૃદયોલ્લાસથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતઃ બનાવેલ છે તે આખો સંગ્રહ આ ગ્રંથમાં આપી તે પોતાના પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી શાંતિમૂર્તિ કર્પૂરવિજયજી મહારાજનું નામ આપી આ પુસ્તકમાં ગુરૂશ્રીની પ્રતિકૃતિ સાથે આપી ગુરૂભક્તિ બજાવી છે. એકંદરે સંગ્રહ ઉપયોગી તથા રસમય ચુંટણી જેવો કરી પ્રકટ કરેલ છે. છપાઇ કાગળ વગેરે પણ કામ સારૂં કર્યું છે, પ્રકટકર્તા શ્રી કર્પૂર પુસ્તકાલય-સમૌ ( ગુજરાત ).

**શ્રી પ્રભુને ચરણે**—પ્રકાશક-ભાયાણી હરિલાલ જીવરાજ કાપડિયા-ભાવનગર. કિંમત ચાર આના. આત્મસાધન, અમૂલ્ય તત્ત્વવિચાર, પરમપદ પ્રાપ્તિ ભાવના, લોકાલોક રહસ્ય પ્રકાશ, બ્રહ્મચર્ય વિષે સુભાષિત, ભક્તિ રહસ્ય, આત્મસિદ્ધિ શાસ્ત્ર વગેરે વિષયો ઉપર પદ્ય અને ટુંકાણુમાં સંગ્રહ કરી વિવેચનો ટુંકામાં આપેલા છે જે મનન કરવા જેવા છે. બાઇંડીંગ અને છપાઇ કામ પણ વસ્તુને શોભે તેવું આપેલ છે.

**શેઠ દેવકરણ મુળજી શ્રી સોરઠ વીશાશ્રીમાળી જૈન બોર્ડીંગ હાઉસનો બીજો વાર્ષિક રિપોર્ટ તથા હિસાબ**—તા. ૧-૬-૩૦ થી તા. ૩૧-૫-૩૧ સુધી. બોર્ડીંગ ધારાધોરણ મુજબ વ્યવસ્થિત ચાલે છે. હિસાબ અને વહીવટ ચોખવટવાળો છે એમ રિપોર્ટ.ઉપરથી માલમ પડે છે.

## પૂજ્ય શ્રી લાભવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ગત અષાડ વદિ ૧૪ રોજ પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજના અનન્ય ભક્ત શિષ્ય મુનિરાજ શ્રી લાભવિજયજી મહારાજ સવારના સાડાનવ વાગ્યાને શુમારે કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી મૂળ વડોદરાના રહેવાસી હતા. સંવત્ ૧૯૪૯ માં પંજાબ-હુશીયારપુર મુકામે તેમણે પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના વરદ શ્રીહસ્તે દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા પછી આખી જીંદગી સુધી પૂજ્ય શ્રી પ્રવર્ત્તકજી મહારાજજીના ચરણમાં રહીને તેમની અખંડ ભકિત કરી છે એટલું જ નહિ પણ આખા સાધુસમુદાયની તેઓ અથાગ ભકિત કરતા હતા. પોતે વર્ષોથી શ્વાસના રોગથી પીડાતા હોવા છતાં પોતાનું દેહ ચાલ્યું ત્યાંસુધી તેમણે પૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજજીની તેમજ સાધુસમુદાયની ભકિત કરવામાં જરા સરખોય પ્રમાદ કર્યો નથી. જેઓ તેમના પરિચયમાં આવ્યા છે તેઓ તેમના વૈયાવચ્ચ ગુણની એકી અવાજે પ્રશંસા કરે છે. તેઓશ્રી સ્વભાવે સરળ અને ઘણા જ ભદ્રિક હતા. પાછળના વર્ષોમાં તેઓશ્રી શ્વાસના વ્યાધિથી વધારે પીડાતા હતા તેમ છતાં છેવટના દિવસોમાં કુદરતી રીતે જ વ્યાધિએ શાંતરૂપ ધારણ કર્યું હતું, જેથી અંતમાં કોઇપણ જાતની અશાંતિ ભોગવ્યા સિવાય ચાલીસ વર્ષનો વિશુદ્ધ દીક્ષાપર્યાય પાળી તેમણે સીતેર વર્ષની ઉમરે સમાધિપૂર્વક કાળ કર્યો છે. એ સદ્ગત મુનિભકતહૃદયી આત્માને અખંડ શાંતિ મળો એમ ઇચ્છી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ્યુ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે, તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, આશો શુદ ૧૫ પૂર્ણિમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

---

## શ્રી નવપદજીની પૂજા. ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદજીની** પૂજા અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત** નવપદજી પૂજાઓ પણ દાખલ કરેલ છે. ઉંચાં એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાંઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગિતા અને આરાધના માટે તો કહેવુજ શું ? શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એકઉત્તમ કૃતિ છે. અને તેમાં ગુરૂમહારાજની છબી, નવપદજી મહારાજનું મંડલ ને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય તેવું નથી. કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

ઉપરોકત બંને બુકો સાથે લેનારને ( આશો શુદ ૧૫ સુધીમાં ) રૂા. ૩–૦–૦ ( પોસ્ટેજ જુદુ ) ની કિંમતે મળી સકશે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૫૯. શ્રાવણ. આત્મ સં. ૩૮. અંક ૧ લો.

## તટસ્થ.

'તટસ્થ' એ શબ્દ અર્થહીન છે, વાણીની દુનિયામાં એ નપુંસક છે. જ્યારે આ સ્તબ્ધ જગત સન્મુખ મહા કોયડાઓ ઉભા છે, ત્યારે કોઇ વીર્યવાન નર 'નિષ્પક્ષ' રહી શકે જ નહિ. એવા પુરૂષને એના સિદ્ધાંતો હોય છે; એ અણનમ સિદ્ધાંતોની રક્ષા કરતો ઉભો હોય છે, એ ગર્જે છે; એ એની વિચારણાનાં આંદોલનો ઉભાં કરે છે; એ નિર્ભીકપણે જગતની સમસ્યાઓના ઉકેલમાં પોતાનો ફાળો આપે છે.

"વિવેક–બુદ્ધિના શાસન અનુસાર તમે નિરૂપયોગી વાણી ભલે ન વદો; વાણીદ્વાર ઉપર મૌનનું તાળું તમે ભલે મારો, પરંતુ આજે 'તટસ્થ' કેમ રહી શકાય ? આજે, જ્યારે જખ્મી જગત આશાયેશ માગે છે, જ્યારે પીડિત માનવજાત પીડન મુક્તિના માર્ગો શોધે છે, ત્યારે કોણ પોતાનાં સ્થાપિત જીવનસૂત્રો વિનાનો રહી શકે ? 'તટસ્થ' રહેવું, અભિપ્રાયવિહિન ઉભવું, સિદ્ધાંતવિહોણા જીવવું એ કાયરનું કામ છે."

'આશાવાદનાં કાવ્યો' માંથી

For Private And Personal Use Only